


**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ**

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

**વર્ષ - ૫ અંક : ૬૦ એપ્રિલ-૨૦૧૨**

## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૨ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૩ |
| ૦૩. | ભગવો રંગ | ૦૪ |
| ૦૪. | સકારાત્મક ઉર્જાનું સ્થાન મંદિર | ૦૫ |
| ૦૫. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વચન-નારાયણઘાટ મંદિર | ૦૬ |
| ૦૬. | મહામુક્તરાજ શ્રી ગોપાળાનંદ સ્વામીએ મુમુક્ષુજનોના મોક્ષપદ અર્થે અર્પેલી અમૂલ્ય ઔષધિઓ | ૦૮ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી..... | ૯ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૧૦ |
| ૦૯. | આનંદની હેલી | ૧૨ |
| ૧૦. | ભક્તિ સુધા | ૧૩ |
| ૧૧. | પ્રશ્ન પેટી | ૨૨ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૨૩ |

# ॥ અસ્મદીયમ્ ॥

સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પાર્દુભાવ થયો તેને ચૈત્ર સુદ-૯ ના ૨૩૧ વર્ષ થયા. આટલા ટુંકા સમયમાં વિશ્વમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો ખૂબજ ફેલાવો થયો છે. પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના નેજા હેઠળ દેશ-વિદેશમાં અમેરિકા, યુરોપ, આફ્રિકા, ઓસ્ટ્રેલીયા, ન્યુઝીલેન્ડ, કેનેડા, મિડલ ઈસ્ટ માં ભવ્ય મંદિરોનું નિર્માણ થયું છે અને મંદિરો વધતા તેટલા પ્રમાણમાં મૂળ સંપ્રદાયના આશ્રિતો પણ મોટી સંખ્યામાં વધ્યા છે. નિયમિત મંદિરે જવા વાળો વર્ગ આજે ત્યાં જોવા મળે છે. પ.પૂ. મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવ યુવક મંડળને ખૂબજ તૈયાર કર્યું છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સતત ને સતત દેશ અને વિદેશમાં સત્સંગ માટે અવરિત પરિશ્રમ કરે છે. અમેરિકામાં તો દર વર્ષે એક બે મંદિર (આઈ.એસ.એસ.ઓ.) નવા થાય છે. તે જોતા વિદેશની ધરતી પર નવી પેઢીમાં આધ્યાત્મિક ક્ષેત્રે સારી પ્રગતિ થઈ છે. તે ચોક્કસ બાબત છે. જે દેશમાં ધર્મ હશે તેની ખૂબજ પ્રગતિ થશે. ગુજરાતમાં બનાસ કાંઠા જીલ્લામાં મહારાજ પધાર્યા નથી. પણ તેમની દૃષ્ટિ તે તરફ ગઈ હશે જેથી પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી હાલ ત્યાંના ભાભર, થરા અને રાધનપુરમાં ઘણા સત્સંગીઓના શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાળા ઘર થયા છે અને ભાભરમાં તો ટુંક સમયમાં શ્રી નરનારાયણદેવનું ભવ્ય મંદિર નિર્માણનું આયોજન છે. આ જોતા મહારાજના અલૌકિક શબ્દો પાંદડે પાંદડે સ્વામિનારાયણ નામ લેવાશે તે સાર્થક થઈ રહ્યું છે. બસ ભક્તો ! ઉત્સવોની પરંપરા ચાલું છે. આપણે આવા ઉત્સવના દર્શન કરી જીવન ધન્ય બનાવીએ એજ શ્રીહરિના ચરણો પ્રાર્થના છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.info**

**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૦૦ ● શયન આરતી ૨૦-૩૦

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(માર્ચ-૨૦૧૨)



૧. શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગરમાં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૩. શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપ પાટોત્સવ પ્રસંગે પધરામણી. શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડીયા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૪. શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૫. શ્રી સ્વામિનારાયણ મંદિર અસલાલી કથા પ્રસંગે પધરામણી.

૬. પ.ભ. ગીરીશભાઈ ભલાભાઈ પટેલને ત્યાં પધરામણી રાણીપ. ગાંધીનગર સેકટર-૫ કથા પ્રસંગે પધરામણી.

૮-૯. ભક્તિનગર (માનકુવા) કચ્છ રંગોત્સવ પ્રસંગે પધરામણી.

૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલી (જી. ખેડા) રજત જયંતી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૧ થી ૧૨. ઉમૈયા વાગડ (કચ્છ) અને હિરાપર (કચ્છ) પધરામણી.

૧૩ થી ૨૮. અમેરિકાના ધર્મ પ્રવાસે પધરામણી.

૨૯. શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુર રજત જયંતી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૩૦ થી ૩૧. નારાયણપર (કચ્છ) પધરામણી.

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે નવુ એડ્રેસ**

**shreeswaminarayan9@gmail.com**

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com

મહેસાણા : www.mahesanadarshan.org

છપૈયા : www.chhapaiya.com

ટોરડા : www.gopallalji.com

નારણઘાટ : www.narayanghat.com

# ભગવો રંગ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

હિન્દુ ધર્મમાં ત્યાગી ભેખધારીઓ ભગવા રંગના વસ્ત્રો પહેરતા હોય છે. કેવાં અને કેટલાં વસ્ત્રો પહેરવાં એ પ્રત્યેક સંપ્રદાયોની અલગ અલગ રીતભાત હોય છે. સત્વગુણી સંપ્રદાયોના ભેખધારીનો ભગવો રંગ પસંદ કરવાની પાછળ અનેક કારણો છુપાયેલા છે. શાસ્ત્રોક્ત રીતે સંશોધન થયેલ ભગવા રંગને વિજ્ઞાને સ્વીકાર કર્યો છે. જેઓ માત્ર કૌપીન ધારી સાધુઓ છે તેઓ પણ ભગવા રંગની કૌપીન પહેરે છે.

ભગવો રંગ એટલે કે થોડો આછો લાલ કલર. પ્રથમ કારણ કે, જે અગ્નિ તત્વનું પ્રમાણિત પ્રતિક છે. અગ્નિ સર્વનાશ કરનાર તત્વ છે. તેથી તો સર્વનાશ બધા જ સંબંધોના બંધન તોડે એજ સન્યાસી. (સાધુ) બની શકે છે. બીજું કારણ - સૂર્યોદયના સમયે પૃથ્વી પર અજવાળું સૂર્યના ઉષા કિરણો સુપ્રભાત સમયે ભગવા રંગની કિરણોથી સવાર દિવસની શરૂઆત થાય છે. તે સમયને શાસ્ત્રોએ સર્વોત્તમ સમય બ્રહ્મરૂપ થવા પૂજાનો બ્રાહ્મમુહૂર્ત સમય કહ્યો છે. એ સમયે સૂર્યદેવને જળ ચડાવવાથી આરોગ્ય પ્રાપ્ત થાય છે. ત્રીજું કારણ - જ્યારે કોઈ મુમુક્ષુ આત્મામાં પરમાત્માનું ધ્યાન કરવાની શરૂઆત કરે છે ત્યારે થોડા અભ્યાસમાં સર્વ પ્રથમ લાલ રંગ (ભગવા રંગ)નું તેજ આત્મામાંથી દેખાય છે. આત્મદર્શનની શરૂઆત ભગવા રંગની કિરણોથી થાય છે એટલે ધ્યાનની સતત જાગૃતિના દર્શક ભગવો રંગ છે. વળી ચોથું કારણ અતિ મહત્વનું છે કે, સૂર્યની કિરણોમાં સાત રંગ છે જેને શાસ્ત્રોએ અને વિજ્ઞાનને સ્વીકારેલ છે. સૂર્ય સાત રંગ પૃથ્વીના સાત રંગથી પ્રભાવિત થાય છે. સામાન્ય રીતે સાત રંગ હોવા છતાં સૂર્યના કિરણો સફેદ રંગ દેખાય છે પણ સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં સાત રંગ દેખાય છે અથવા વર્ષાઋતુમાં આકાશમાં દેખાતા મેઘધનુષ તરીકે ઓળખાતા સાતરંગ સૂર્યની કિરણો છે.

સપ્ત રંગથી ભરપૂર પૃથ્વી અને ગ્રહોને સૂર્યદેવની કિરણોના સપ્ત રંગ જે જે રંગ પર પડે છે ત્યારે એવી પ્રતિક્રિયા થાય છે કે, જે કલર પર કિરણો પડે ત્યારે તે કલર રિફલેક (પરિવર્તિત) થાય એટલે કે લાલ કલર પર સૂર્યની કિરણોમાં રહેલ લાલ રંગ રિફલેક થઈ પરિવર્તિત થતાં લાલા રંગની વસ્તુ અથવા વસ્ત્રો પહેરનાર પર લાલ રંગનો પ્રભાવ શૂન્ય થતાં લાલ રંગથી સામાન્ય રીતે બચી જાય છે. કેમ કે લાલ રંગ ઉગ્ર સ્વભાવ વાળો છે. અગ્નિ તત્વનું પ્રતિક છે. વળી લાલ રંગ રજોગુણ વર્ધક છે. તેમજ લાલ રંગ કામનાઓ વર્ધક છે. જે શરીરમાં રહેલી મહેચ્છાઓને વેગ આપનાર છે. જે સાધુ સંન્યાસીઓ માટે બિલકુલ વિપરિત દિશા છે. એટલે તો દુનિયા આખીમાં કહેવાય છે કે, ભગવા વસ્ત્રો પહેરવાં એટલે ભગવાન મેળવવાની પ્રતિજ્ઞા કરી અને દુનિયાની આશા છોડી.

વળી પાંચમું કારણ છે કે, ભગવાં પહેરવાં એટલે અગ્નિ પરીક્ષામાંથી પસાર થવું. છઠ્ઠું કારણ છે કે, લાલ રંગ પર કોઈની ખરાબ વિકૃત મલીન દૃષ્ટિનો પ્રભાવ પરિવર્તિત થઈ જાય છે. એટલે તો સારા પ્રસંગોમાં કંકુનો ચાંદલો કરવામાં આવે છે. તેમાં સધવા સ્ત્રીઓએ તો સદાય ચાંદલો કરવાની આજ્ઞા છે. એટલે તો શ્રીહરિએ આપણા સંપ્રદાયમાં પ્રત્યેક આશ્રિતને કંકુનો ગોળ ચાંદલો અને તિલક કરવાની શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે. ચાંદલો કરનાર પર કોઈની નજર લાગતી નથી. પ્રવાસ ગમનમાં ખાસ લોકો ચાંદલો કરીને નિકળે છે. વળી સાતમું કારણ છે કે, લાલ રંગ મંગળ ગ્રહનો રંગ છે. મંગળ અતિ ઉગ્ર છે તેથી જ્યોતિષમાં શ્રધ્ધા ધરાવતા લોકો મંગળવારે લાલ વસ્ત્રો પહેરીને મંગળનો લાલ રંગનો પ્રભાવ શૂન્ય કરવા પ્રયાસ કરે છે. વળી વૈષ્ણવની પૂજા વિધિમાં મંગળવારે ઠાકોરજીને લાલ વસ્ત્રો પહેરવવામાં આવે છે.

વળી હમણાં અમેરિકામાં સંશોધન થયેલ છે કે વેપાર માર્કેટમાં કેવા રંગના પેકીંગ વાળી વસ્તુનો વધુ ધંધો વેપાર થયો તેમાં પણ લાલ રંગના પેકીંગ ધરાવતી વસ્તુઓનું ડબલ બે ઘણું વેચાણ થયેલ છે. એટલે તો ભગવાધારી બાવો ક્યારેય ભૂખ્યો ન રહે.

શ્રીજી મહારાજે સંતોના (પર) (બાવન) પ્રકરણો બદલાવ્યા બાદ ભગવા રંગના વસ્ત્રો પહેરવાની આપણા સંતોને આજ્ઞા આપી છે. તેમજ સાંખ્યયોગી બહેનોને પણ લાલ રંગના વસ્ત્રો પહેરવાની આજ્ઞા આપી છે.

# સકારાત્મક ઉર્જાનું સ્થાન મંદિર

- સાધુ દેવસ્વરૂપદાસ (જયપુર)

પરમેશ્વરની પ્રસન્નતા પ્રાપ્તિ માટે જેટલા સાધન છે તેમાં ભક્તિ અને ઉપાસનાનું સાધન નિરાળુ અને સૌથી વધારે અસરકારક છે. યોગ, જ્ઞાનને ઉપાસના ના ત્રણ મુખ્ય સાધન માર્ગોમાં ભક્તિ કે ઉપાસનાનો માર્ગ વધારે સરળ, સીધો ને સર્વોપયોગી છે. જ્યારે ભક્તિનો રાજમાર્ગ તો બાળક, યુવાન, વૃદ્ધ, રોગી, નિર્બળ, અપંગ, નિરાધાર, નિર્ધન, સ્ત્રી-પુરુષ કે નાતજાતના કોઈએ ભેદભાવ વિના મનુષ્યમાત્રને માટે ખુલ્લો છે. સાક્ષર કે નિરક્ષર માણસો આ ભક્તિમાર્ગના પ્રવાસી બની ઈશ્વરદર્શન કરી જીવનને પૂર્ણ સફળ બનાવી પરમેશ્વરની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકે છે. યોગ કે જ્ઞાનમાર્ગે અમુક અધિકાર સંપન્ન માણસો જ જઈ શકે છે. ભક્તિમાર્ગની આ ખૂબી છે. તેમાં કોઈ અધિકારની જરૂર નથી. જે અધિકાર કે યોગ્યતા જોઈએ તે ભક્તિનું સાધન કરતા કે ભક્તિમાર્ગમાં પરિપકવતા આવતા આપોઆપ આવી જાય છે. પાપીને પુણ્યશાળી બધા જ આ ભક્તિમાર્ગના અધિકારી થઈ શકે છે. જેમ પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ પર બધાનો અધિકાર છે, તેમ ઈશ્વર પર જીવ માત્રનો અધિકાર છે. દરેકને તેની પ્રસન્નતા પ્રાપ્તિ કરવાનો જન્મજાત હક કે અધિકાર છે. ભક્તિ જ ભગવાનનું સ્વરૂપ છે. ભગવાનની જેમ ભક્તિ પર પણ જીવ માત્રનો જન્મ સિદ્ધ અધિકાર છે. ફક્ત તે અધિકારનું ભાન કે જ્ઞાન માણસને થવું જોઈએ. ભક્તિમાર્ગના પ્રવાસી બની ઈશ્વરની પ્રસન્નતા જંખનાર માણસને ભક્તિ અને ઉપાસનાનું અનુકુળ વાતાવરણ મળે તે માટે ભારતવર્ષમાં હજારો વર્ષોથી હજારો મંદિરો છે, શ્રી સ્વામિનારાયણ ભગવાનનો સિદ્ધાંત છે કે દેશ-પ્રદેશમાં, ગામે ગામે મંદિર બનાવવા જેથી માણસને ભક્તિ અને ઉપાસનાનું અનુકુળ પર્યાવરણ મળી રહે, મંદિર એ મકાન નથી, ઘણા માણસોના મનમાં એમ હોય કે મંદિર શા માટે ?

મંદિરમાં લગભગ તમામ એવી વસ્તુઓ હોય છે જે વાતાવરણની સકારાત્મક ઊર્જાનો સંગ્રહ કરે છે. આપણે જ્યારે મંદિરમાં જઈએ છીએ ત્યારે આવી જ ઊર્જાનો પ્રભાવ આપણી ઉપર પડે છે અને આપણા મનને શાંતિનો અનુભવ થાય છે. દુનિયામાં જો ક્યાંય શાંતિ ન મળે તો મંદિરમાં જતા રહેવું જોઈએ. ભલે તે એકદમ નાનું હોય, ત્યાં બેસી તમે થોડી ક્ષણો માટે તો દુનિયા ને ભૂલી જ શકો છો, તમામ ચિંતાઓને ભૂલી શકો છો. આખરે મંદિરના વાતાવરણમાં એવી તો કોઈ સકારાત્મક ઊર્જા છે કે ભારે અશાંત મન પણ રાહતની લાગણી અનુભવે છે ! હકીકતમાં મંદિરમાં આ ખૂબીનું કોઈ એક કારણ નથી, પરંતુ જુદા જુદા કારણો દ્વારા મળે છે. સહુથી પહેલું કારણ છે, ભગવાનના સ્વરૂપના દર્શન આપણે મનોમન એવા ભાવ સાથે પરમેશ્વરના શરણમાં જઈએ છીએ કે આપણી તમામ સમસ્યાઓ સમાપ્ત થઈ જશે, જે વાતો આપણે દુનિયાથી છુપાયેલી રાખીએ છીએ તે ભગવાનને જણાવી દઈએ છીએ. આના કારણે પણ મનને શાંતિ મળે છે, મનની બેચેની દૂર થાય છે. બીજુ કારણ છે વાસ્તુ, મંદિરોનું નિર્માણ વાસ્તુને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. દરેક વસ્તુ વાસ્તુને અનુરુપ રાખવામાં આવે છે, જેના કારણે મંદિરમાં હકારાત્મક ઊર્જા વધારે પ્રમાણમાં હોય છે. ત્રીજું કારણ છે મંદિરમાં જે કોઈપણ વ્યક્તિ જાય છે તે સકારાત્મકતા અને વિશ્વાસના ભાવો સાથે જાય છે જેથી મંદિરમાં પણ સકારાત્મક ઊર્જા ઉત્પન્ન થાય છે. ચોથું કારણ છે મંદિરમાં થતા નાદ, શંખ અને ઘંટનો રણકાર. આ અવાજ વાતાવરણને શુદ્ધ બનાવે છે. પાંચમું કારણ છે મંદિરમાં કરવામાં આવતુ ધુપ-અગરબત્તી જેની સુગંધ વાતાવરણને શુદ્ધ બનાવે છે. છઠ્ઠું કારણ છે, ભક્તો દ્વારા થતી સાચી ભક્તિ, ધૂન-કીર્તન આદિ થી મંદિરના પર્યાવરણમાં દિવ્યતા છવાયેલી રહે છે, મંદિરમાં તમામ એવી વસ્તુઓ હોય છે જે વાતાવરણમાં સકારાત્મક ઊર્જાનો સંગ્રહ કરે છે. આપણે જ્યારે મંદિરમાં જઈએ છીએ ત્યારે મન અને આત્માને શાંતિનો અનુભવ થાય છે.

આપણા ગામમાં ભલે નાનું પણ સુંદર મંદિર છે, તો તેનો નિત્ય ઉપયોગ કરીને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને સંતોનો રાજીપો જરૂરથી પ્રાપ્ત કરીએ, તો તેમની મંદિર બનાવવામાં કરેલી મહેનત લેખે લાગી ગણાય, નિત્ય મંદિર જવાથી તેની સીધી અસર, દિનચર્યા, સ્વપ્રચર્યા ઉપર અવશ્ય પડે છે. ચાલો દરરોજ મંદિરે જઈએ, અને સાથે આપણા બાળકને પણ લઈ જઈએ.

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વચન
# નારાયણઘાટ મંદિર

- ગોરધનભાઈ વી. સીતાપરા
(હીરાવાડી-બાપુનગર)

તા. ૧-૧-૧૨ ને રવિવારના દિવસે તીર્થભૂમિ નારાયણઘાટ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે અલૌકિક શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગે સંત-હરિભક્તોની દિવ્ય સભા ભરાઈને બેઠી છે. સભાની એક બાઉન્ટ્રી પર ઘણા હરિભક્તો ઉભા રહીને વિદ્વાન સંતોની અમૃતવાણી સાંભળી રહ્યાં છે. પ.પૂ. મહારાજશ્રી આશીર્વચનની શરૂઆતમાં જ આ બાબતનો ઉલ્લેખ કરતા કહે છે, સભામાં બેઠેલા ભક્તો વેંત વેંત આ બાજુ ખસી જાય જેથી ઉભેલા ભક્તોને સભામાં બેસવાની જીગ્યા મળે. કોઈને મોકળાશ કરી દેવી એ પણ એક પરોપકારનું કાર્ય છે. આજે સવારે જ અમે ઓફિસમાં બેઠા હતા ત્યાં એક ભક્ત આવીને કહે, અમૂક ભક્તો નરનારાયણદેવની સામેથી ખસતા જ નથી. બીજાને દર્શન જ નથી કરવા દેતા. હવે ભગવાનનું દર્શન કરતા હોય તેમાં આપણે કોઈને ના તો ન કહી શકીએ. પરંતુ અમારી દ્રષ્ટિએ બીજાને દર્શન કરવા દેવા માટે આપણે મોકળાશ કરી આપવી, કોઈને શ્વાસ લેવા દેવો એ પણ એક ધર્મનું કાર્ય છે.



મહારાજે શાકોત્સવની શરૂઆત લોયાથી કરી, પરંતુ આજે શ્રી નરનારાયણદેવના દેશમાં એક વર્ષમાં જેટલા શાકોત્સવ થાય છે તેટલા અન્ય દેશમાં પાંચ વર્ષમાં પણ થઈ શકતા નથી. આ આપણા માટે એક ગૌરવની વાત છે. અમને તો તેનું ખાસ ગૌરવ થાય જ ! મહારાજના જે આશ્રિત થયા તેને અન્ન-વસ્ત્ર અને આબરું તો મહારાજે આપલું જ છે. આજે આપણે સૌ સુખી હોઈએ તો મહારાજના એ વચનના પ્રતાપે સુખી છીએ. એટલે દરેકના ઘેર બે ટાઈમ શાંતિથી રોટલા તો ખાવા મળે જ છે. એટલે અહીં શાકોત્સવમાં રોટલા કે શાકની કિંમત નથી. પરંતુ શાકોત્સવમાં જે પ્રસાદી સ્વરૂપે આપણને જમવા મલે છે એ અન્ન કે શાક મહારાજના સંબંધને પામ્યું હોવાથી તે પ્રસાદની કિંમત છે. પ્રસાદ મુખમાં દાખલ થઈને આપણા અંતર સુધી પહોંચે એટલે આપણું અંતઃકરણ શુદ્ધ થઈને સારા વિચારો આવે છે. એટલે મહારાજની મૂર્તિને સંભારીને સૌ પ્રેમથી જમજો.

આપણા આ ઉત્સવો આપણામાં પરિવારની ભાવના દ્રઢ બનાવે છે. સૌ સાથે મળીને આવા ઉત્સવોનું આયૌજન કરે. સેવા કરે, સાથે બેસીને જમે એ એક પરિવારની વ્યાખ્યામાં જ આવે છે. બાકી આજે એક લોહીનો સંબંધ ધરાવતી કુટુંબની વ્યક્તિઓ પણ એક ટેબલ પર બેસીને વાત કરી શકતા નથી કે સાથે બેસીને જમી શકતા નથી.

મહારાજ પૃથ્વી પર પધાર્યા તેમાં અમદાવાદ મંદિરની ભૂમિ એવી છે કે શ્રી નરનારાયણદેવ પધરાવવા માટેની એ ભૂમિની પસંદગી સ્વયં મહારાજે કરી છે. વળી એ ભૂમિ પર શ્રી નરનારાયણદેવ પધરાવીને કહ્યું કે આ નરનારાયણદેવ અને અમારામાં એક રતિભાર ભેદ નથી. તેમાં રહીને જ અમે તમારા સર્વે નાના-મોટા મનોરથો પૂર્ણ કરીશું. માટે એ નરનારાયણદેવનો દ્રઢ આશરો રાખવો. હું ઘણીવાર કહું છું કે જો માળા એક ઓછી થશે તો ચાલશે પરંતુ શ્રી નરનારાયણદેવનો આશરો જો દ્રઢ હશે તો મહારાજ તે જીવનું રૂડું કરવાના જ છે. મુક્તાનંદ સ્વામીએ આરતીમાં ગાયું છે કે અડસઠ તીરથ ચરણે કોટિ ગયા કાશી એમ આપણે ઘણી યાત્રાઓ કરીએ પણ પછી ખ્યાલ આવે કે, જે છે તે તો અહીં જ છે. મહારાજે ૨૭૩ વચનામૃતમાં ઘણીવાર શ્રી નરનારાયણદેવનો મહિમા ખૂબ પ્રેમથી કહ્યો છે.

આ નારાયણઘાટ મંદિર જ્યારે થતું હતું ત્યારે

અસારવા અમારા જૂના નિવાસ સ્થાનેથી નીકળી જીપમાં બેસીને આ સુભાષબ્રીજ પરથી નિત્ય પસાર થઈને શાળાએ ભણવા જતા એટલે આ અમારો નિત્યનો રસ્તો. તે સમયે અમે જોતા કે ગવૈયા સ્વામી પાંચ-સાત હરિભક્તોને સાથે રાખીને ખૂબ પરિશ્રમ કરીને, જાતે પથ્થર ઉંચકીને આ મંદિર બનાવતા. ઘણીવાર તો હરિભક્તો પણ ન હોય, પોતે એકલા શ્રમ કરતા. ત્યાર પછી આ મંદિરના વિકાસના કાર્યોમાં ઘણા સંત-હરિભક્તો સહભાગી થયા. આજે દેવ સ્વામી, પી.પી. સ્વામી વગેરે સંતો આ મંદિરનું વિકાસ કાર્ય કરી રહ્યા છે ત્યારે આપણે આ મંદિરમાં એક કાર્ય હજુ કરવાનું એ બાકી રહ્યું છે કે ચોમાસામાં વરસાદ વરસતો હોય ત્યારે પ્રદક્ષિણાના ભાગમાં ધાબું ન હોવાથી પ્રદક્ષિણામાં સીધું જ વરસાદનું પાણી પડતું હોવાથી, ભક્તો પ્રદક્ષિણા ફરતા હોય ત્યારે ભીના આરસ પર કોઈના પગ લપસે, ઉનાળામાં પગ દાઝે. જેથી પ્રદક્ષિણામાં ધાબાનું કાર્ય સંતો જ્યારે હાથ પર લે ત્યારે તે સેવા કાર્યમાં સૌ સહભાગી થજો. આપણે સૌ આ મંદિરમાં બિરાજમાન જે ભગવાન તેના પ્રતાપથી - કૃપાથી સુખી થયા છીએ. આપણી બુદ્ધિના જોરે જો આપણે સુખી થવા ઈચ્છીએ તો મેળ પડે તેવું નથી. કારણ કે આપણી બુદ્ધિના બળથી જો આપણે કોઈપણ કાર્ય કરવા જઈએ તો એક છેડો જોડીએ ત્યાં પાછળ ત્રણ છેડા છૂટી જતા હોય છે. સેવા કરવી એટલે એવું પણ નથી કે લાખ કે કરોડ રૂપિયા આપી દઈએ તો જ સેવા કરી કહેવાય. સેવા એ પોતાપણાની ભાવના લાવવા માટે છે. પાંચ રૂપિયા આપ્યા હોય કે એક પથ્થર ઉંચક્યો હોય તો પણ દર્શન કરીએ ત્યારે એ મંદિરમાં પોતાપણાની ભાવના આવે છે. શ્રી નરનારાયણદેવના મંદિરમાં રાધાકૃષ્ણદેવની સામે જે પ્રસાદીનો સ્તંભ છે તેની વાત આપણે સૌ જાણીએ જ છીએ. એટલે તેની આખી વાત નથી કહેતા પરંતુ સાર રૂપે કહું તો એ ખેડૂત ભક્ત જ્યારે પોતાના ગાડામાં નાખીને એ મોટી પથ્થરની શીલા મંદિરે લાવતો હતો ત્યારે પોતાના એક બળદનો પગ ભાંગ્યો તે સમયે એ ખેડૂતે ગાડાનું ધોસરું પોતાના કાંધ પર લીધું અને ગાડું આગળ ધપાવ્યુ. આનંદાનંદ સ્વામીએ આ વાત મહારાજને કહી, મહારાજ તે ભક્ત ઉપર ખૂબ રાજી થયા, તે પથ્થરની શીલાને ભેટ્યા અને વચન આપ્યું કે કોઈ ભક્ત દૂરથી આ દેવનું દર્શન કરવા આવ્યા હોય, દેવના દર્શન બંધ થઈ ગયા હોય, નરનારાયણદેવ પોઢી ગયા હોય તેવા સમયે તે ભક્ત અમારી પ્રસાદીના આ પથ્થરને પગે લાગીને જશે તો પણ તેને નરનારાયણદેવના દર્શન કર્યા જેટલું ફળ મળી જશે. એટલે અહીં એ પથ્થરની કિંમત કરતા પણ હકીકત એ છે કે એક ભક્તની સેવા-સમર્પણની ભાવનાના કારણે એ પથ્થર શ્રીજી મહારાજના સ્પર્શને પામી દિવ્ય બન્યો છે.

હાલના સમયમાં તો આપણે આ પ્રકારની સેવા કરવાની પણ નથી. પરંતુ મંદિરના કાર્યમાં આપણાથી જે કંઈ નાની-મોટી સેવા બની આવે તે પ્રેમથી કરીએ તો પણ મહારાજ આપણા ઉપર રાજી થાય છે. આપણે પ્રદક્ષિણા ફરી શકીએ નહિ, માળા ફેરવી શકીએ નહી, પરંતુ અન્ય ભક્તો સુખેથી માળા ફેરવે, પ્રદક્ષિણા ફરે તેવું વાતાવરણ કરી દઈએ તો પણ તે ભક્તની માળાનું અડધું પુણ્ય આપણને મળી જાય છે. કોઈ ભક્ત માળા ફેરવતો હોય, ઉનાળાનો સમય હોય, ઉપર પંખો બંધ હોય તેવા સમયે આપણે પંખાની સ્વીચ ઓન કરીને પંખો ચાલુ કરી દઈએ તે પણ એક સેવા છે. ઘણા પંખો ચાલુ હોય તે બંધ કરી દેતા હોય છે. પોતે તો માળા ન કરે પણ બીજા કરતા હોય તેમાં પણ અડચણ ઉભી કરે !

ઘણાં લોકો કહે છે કે આટલા બધા મંદિરો શા માટે ? તો મંદિરના માધ્યમથી જ સંસ્કારો રહેવાના છે. આજે હજારો મોટી મોટી વિદ્યાલયો લાખો-કરોડોની ફી ઉઘરાવીને વિદ્યાર્થીઓને શિક્ષણ આપે છે. પરંતુ વિદ્યાર્થી સ્નાતક કે અનુસ્નાતક થયા પછી તેના સંસ્કારોની કોઈ ગેરંટી હોતી નથી. જો વિદ્યાલયોમાં સંસ્કારો મળતા હોત તો ગઈકાલે જ ૩૧ મી ડિસેમ્બર ગઈ, તે રાત્રીએ પોલીસને આટલું કોમ્બિંગ ન કરવું પડ્યું હોત ! કોલેજોમાં કે અન્ય જગ્યાએ સંસ્કારો માટે મોટા મોટા કાર્યક્રમો તેમજ ઘણું ખર્ચ પણ કરવામાં આવે છે. છતા આપણે જોઈએ છીએ કે ક્યાંય તેનું પરિણામ મળતું નથી. જ્યારે આપણા મંદિરોના માધ્યમથી આ કાર્ય સરળતાથી થઈ શકે છે. મંદિરમાં આવીને કોઈ ભગવાનને ઓળખે, સત્સંગનો કે હરિભક્તનો કોઈને ગુણ આવે તો પણ મહારાજ એ જીવનું રૂડું કરવાના છે. ગૃહસ્થ પોતાના દીકરા-દીકરીને જો મંદિરે લાવી શકશે, તો તેનું ભાવિ ઉજ્જવળ છે પરંતુ જે ગૃહસ્થ તેના માતા-પિતાને પણ મંદિરે દોરી લાવે તો તેનો ગૃહસ્થાશ્રમ ધન્ય છે ! તેનું જીવન સાર્થક છે.

આટલું કહી પ.પૂ. મહારાજશ્રીએ શાકોત્સવમાં સહભાગી સૌ યજમાન પરિવારોને તથા ઉપસ્થિત સર્વે સભાજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

# મહામુક્તરાજ શ્રી ગોપાળાનંદ સ્વામીએ મુમુક્ષુજનોના મોક્ષપદ અર્થે અર્પેલી અમૂલ્ય ઔષધિઓ

- પ્રા. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

અમૃતના સાગરનું બિરૂદ મહામુક્તરાજ શ્રી ગોપાળાનંદ સ્વામીને આપવામાં આવ્યું છે. ઉત્તમ પારસના સ્પર્શથી લોઢું કંચન બને તેમ ગોપાળાનંદ સ્વામીના યોગથી અનેક મુમુક્ષુઓ અનાદિ મુક્તની સ્થિતિને પામ્યા હતા. સાબરકાંઠા જીલ્લાના ભિલોડા ગામની નજીક ટાકાટુકા ગામ પાસે આવેલ ટોરડા ગામમાં આ મુક્તરાજનો જન્મ સં. ૧૮૩૩ ના શ્રાવણ સુદ-૧૫ ના થયો હતો. પિતાશ્રીનું નામ મોતીરામ રાજેશ્વર ઠાકર અને માતુશ્રી જીવીબા બન્ને ભગવાનના અનન્ય ભક્ત હતા. તેમનું નામ ખુશાલ રાખવામાં આવેલું. તેઓશ્રીના બાળ જીવનના અનેક ઐશ્વર્યો તથા ચમત્કારથી ભરપૂર ઘટનાઓ છે. સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સંકલ્પથી તેઓ પ્રાગટ્ય પામેલા હોવાથી તેમનામાં ઐશ્વર્ય પ્રતાપ સ્વતઃ સિધ્ધ હતા.

વાડાશિનોરના કાશીરામ અને મુરલીધર નામના બે સત્સંગીઓ પાસેથી સ્વામિનારાયણ ભગવાનનું પ્રગટપણું જાણી ત્યારથી તેમના દર્શનાર્થે વ્યાકુળ હતા. રામાનંદ સ્વામીના શિષ્ય રામદાસભાઈને ટોરડા ગામે ખુશાલભાઈને તેડવા શ્રીહરિએ મોકલેલા. તેમની સાથે તેઓ ડભાણ આવ્યા. અને શ્રીહરિના દર્શન કરી મહાઆનંદ પામ્યા. શ્રીહરિની આજ્ઞાથી પરત ઘેર પધાર્યા. જ્યારે શ્રીહરિ જેતલપુર પધાર્યા ત્યારે બ્રાહ્મણ વેશમાં શ્રીહરિ તેમને તેડવા ગયેલા. શ્રીહરિના દિવ્ય દર્શન થતાં તેમની વૃત્તિ પ્રભુમાં જોડાઈ ગઈ. સદાને માટે તેઓએ ગૃહત્યાગ કર્યો. સં. ૧૮૬૪ માં ગઢડામાં દાદાખાચરના દરબારમાં અક્ષર ઓરડીમાં શ્રીહરિએ ખુશાલ ભાઈને ભાગવતી દિક્ષા આપી ''ગોપાળાનંદ સ્વામી'' નામ પાડ્યું.

મુમુક્ષુજનોના મોક્ષપદ માટે ગોપાળાનંદ સ્વામીએ ધ્યાન, ભક્તિ, ઉપાસના, ભગવાનના નિશ્ચયની વાતો, અખંડ ભગવાનના અનુસંધાનની વાતો, ત્યાગીને કેમ વર્તવું ? એ વિષેની સમજણની વાતો, વિષય ખંડન કેમ કરવું ? હૃદયમાં વાસનાઓ ઘર કરી ગઈ હોય તેને કેમ ટાળવી ? સ્વસ્વભાવ કેમ ટાળવો ? વૈરાગ્ય સભર કેમ રહેવાય ? પરમ જ્ઞાની કેવી રીતે થઈ શકાય ? એવી અદ્‌ભુત મોક્ષપદ પ્રાપ્તિ અર્થે જડીબુટ્ટીઓ કે ઔષધિઓ અર્પણ કરી છે.

આલોકને પરલોકને વિષે શ્રીહરિનું સ્વરૂપ યથાર્થ જાણવું, તેમની મૂર્તિમાં વિશ્વાસ જાગે, તેમની દિવ્ય સાકાર મૂર્તિમાં સદાય અનુવૃતિ અને પ્રીતિ રહે આ મનુષ્ય લોકમાં દુર્લભમાં દુર્લભ સારમાં સાર છે. પુરૂષોત્તમ ભગવાનને સમજવા સ્વામીશ્રીએ જણાવ્યું છે કે, ''જેવી રામકૃષ્ણાદિક ભગવાનની મૂર્તિઓ છે તેવીજ પુરષોત્તમ ભગવાનની મૂર્તિ હોય પણ સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને વિભૂતિ આદિકે કરીને તથા ઐશ્વર્ય, પ્રકાશ અને શક્તિએ કરીને એ અવતારને વિષે ને શ્રીજી મહારાજને વિષે અતિશય વિલક્ષણ પણું છે.

મુક્તો સાત પ્રકારના છે. દેવલોકના, વૈકુંઠના, બદ્રિકાશ્રમના, આ લોકના શ્વેતદ્વિપના, ગોલોકના, અને અક્ષરના મુક્ત. અક્ષરના મુક્ત સાથે હેત કર્યું હોય તો તે એવી રીતે ભગવાનમાં ચોંટાડે જેમ હજાર મણનો પાણો હોય તે ભેળો મણનો પાણો બાંધ્યો હોય તે તત્કાળ પૃથ્વીમાં ચોંટાડે તેમ અક્ષર મુક્ત સાથે જોડાયેલા જીવોને અક્ષરમુક્ત ભગવાનમાં જોડે છે. શ્રીજીનો મહિમા સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું છે કે, ''જેમ સોના મહોરની બન્ને બાજુએ કાંકરા મૂક્યા હોય તો જીવનું મન સોના મહોરમાં લોભાય. તેમ સાચા સંતને યોગે કરીને શ્રીહરિનો મહિમા યથાર્થ સમજાણો હોય તો તેને આ લોકના કોઈપણ પ્રકારના માયાવી પદાર્થો બંધન કરે જ નહિ.

આત્મ વિચાર કરવાથી આત્મનિષ્ઠા મજબૂત બને છે. તેઓ એ વર્ણવ્યું છે કે આપણે હજારો, લાખો દેહ ધરી આવ્યા છીએ. જેમ કોઈ પુરુષ અંગરખું પહેરે છે તે ફાટી જાય ત્યારે તેને કાઢીને બીજું કરાવે છે, તેમ જે મા-બાપ, સગા, સંબંધી આપણે પોતાના માનેલા છે તે તો અજ્ઞાને કરીને માનેલા છે. હું તો દેહ ઈન્દ્રીયો, અંતઃકરણ એ થકી નોખો છું. એમ આત્મ વિચાર કરવો. જયારે ભક્તિ ચિંતામણિ ગ્રંથ લખાતો હતો ત્યારે શ્રી નિષ્કુળાનંદ સ્વામીને શ્રીહરિએ સ્વયં શ્રી ગોપાળાનંદ સ્વામી વિષેનું પ્રકરણ ઉમેરાવ્યું હતું. સં. ૧૮૮૬ માં શ્રીહરિના અંતર્ધાન થયા પછી પણ ૨૨ વર્ષ સુધી શ્રીજી મહારાજના સ્વરૂપની દૃઢતા કરાવવા આ પૃથ્વી પર તેઓ રહ્યા. તેઓશ્રીએ ઉપનિષદ ભાષ્ય, બ્રહ્મસૂત્રાર્થદીપ, સંસ્કૃતમાં શ્રીમદ્ ભગવત્ ગીતા ભાષ્ય, વેદ સ્તુતિની શ્રૃત્ય બોધિની ટીકા, શાંડિલ્ય સૂત્રની ભક્તિ પ્રકાશિકા ટીકા અને શિક્ષાપત્રીનું મરાઠીમાં ભાષાંતર પણ કર્યું છે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી.....

## અભિપ્રાય

આ મ્યુઝિયમ એક અદ્વિતીય અને અજોડ સંગ્રાહલય છે. જેમાં ૮ નં.માં શ્રી નરનારાયણદેવના દર્શન કરીને જે હૃદયમાં અનુભુતિ થાય છે. આ જન્મ અને પૂર્વ જન્મના પાપો બળીને ખાખ થઈ જાય છે આજે હું પ્રથમવાર દર્શને આવ્યો છે. છેલ્લા બે વર્ષથી કેન્સરના ૬ ઓપરેશન કરાવી ચુક્યો છે. અને હાલ મહીના પહેલા ઓપરેશન કરાવેલ છે. અને આજે નરનારાયણદેવનાં ૮ નંબરના હોલમાં દર્શન કરીને મારી બધી પીડા આજે દૂર થઈ છે. જયશ્રી સ્વામિનારાયણ (પટેલ જગદીશભાઈ ગાંડાભાઈ)

Its Been a Year Already Cant Be live It gives us a warm feeling, a life-long Dream of yokes has come True the Peashadi in vastu of Bhagwan names us feel even close to Bhagwan thank you for giving the Satsangis this opportunity. The Architect is well Constructed and the museum just Blows you away with It's Greatness. One day is not enough. when we cone to Ahmedabad, the Museum will Always be on top of the list.

The Museum gives us a warm Feeling & Makes us Forget our worries us This Museum Beats any other Museum in the UK, It will Always be Special to us.

(Kantibhai, Dhanuben, Vanisha, Bhavesh, Dhiresh, Mital, Vyan & Bhavya Halai - London(UK) )

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે આ લોકમાં પધારીને પોતાની માનુષીલીલા દરમ્યાન વિશ્વનું સૌપ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં બંધાવ્યું તેવી જ રીતે પ.પૂ.શ્રી મોટા મહારાજશ્રીએ સંપ્રદાયનું તેમજ વિશ્વનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ અમદાવાદમાં બનાવી અનેક આત્માઓ ઉપર ચિરંજીવી અકલ્પનીય પરોપકાર કરેલ છે. આ ચૌદલોકના બ્રહ્માંડમાં એક જ સ્થળે એક સાથે મોટા પ્રમાણમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રસાદીની વસ્તુઓ માત્રને માત્રઆ એક જ જગ્યાએ છે એમ કહી શકાય. આથી આ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ તો આ વિશ્વ પૂરતી જ નહી પરંતુ સમગ્ર બ્રહ્માંડની એક માત્ર દિવ્ય અજાયબી છે. પ.પૂ.શ્રી મોટા મહારાજશ્રીએ આ નભૂતો ન ભવિષ્યતિ એવી સેવા કરી છે. તે બદલ અમારા કોટિ કોટિ વંદન સહ દંડવત પ્રણામ સાથે જયશ્રી સ્વામિનારાયણ

(લાલજી આર. ઠક્કર, બાપુનગર)

પ્રવેશ થતાં જ એક દિવ્ય અનુભવ થયો જેનું વર્ણન શકય નથી ફક્ત અનુભવીજ શકાય પણ બોલી ન શકાય તેને અદ્‌ભુત કહે છે. એવું થયું જે જીવનનો અલભ્ય પ્રસંગ બન્યો. (કુન્દનબેન જગડા, રાજુલા)

નિષ્કુળાનંદ સ્વામીનો ભક્ત ચિતામણી ના બધા પ્રસંગ નજરે તરી આવીયા ને ભગવાનનો દિવ્ય અનુભવ થયો. (ડો. ઉરલા અગ્રવાલ, દિલ્હી)

મ્યુઝિયમ જોઈને અમારા તથા પરિવારના હૃદયમાં દિવ્યતાની અનુભુતિ થઈ છે. તથા શ્રી નરનારાયણદેવના મૌન મંદિરમાં જે કાંઈ અમોએ સંકલપ કરેલ તે ભગવાન શ્રી સ્વામિનારાયણની ઈચ્છા થી પૂર્ણ થયેલ છે.

જેમ કે અમારી બહેનનો અભ્યાસ માં સી.એ.ની પરીક્ષામાં બે વાર નાપાસ થઈ. અને જયારે અહીં સંકલ્પ કર્યો અને બીજા મહીનામાં પાસ થઈ ગઈ. અને સાથે બીજા વ્યવહારીક કામોમાં પણ ભગવાનની દયાથી સંકલ્પ પૂર્ણ થયા છે. (ઘનશ્યામભાઈ સોની)

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - માર્ચ ૨૦૧૨

| | |
|---|---|
| તા. ૦૮-૦૩-૧૨ | બિરેન જનાર્દનભાઈ દેસાઈ - ઓસ્ટ્રેલીયા<br>હ. જીવતબેન તથા અમિત |
| તા. ૧૧-૦૩-૧૨ | વર્ષાબેન અશ્વિનભાઈ દલસુખભાઈ સોની -સાયલાવાળા<br>હ.જીમેશ |
| તા. ૧૩-૦૩-૧૨ | જયેન્દ્રભાઈ આત્મારામ પટેલ - ડાંગરવા<br>હ. ઉદયનભાઈ મહારાજા |
| તા. ૧૪-૦૩-૧૨ | ચૌધરી મુળજીભાઈ સેંઘાભાઈ -માણેકપુર |
| તા. ૨૫-૦૩-૧૨ | શ્રી નરનારાયણદેવ સત્સંગ મંડળ - મારૂસણા<br>હ. માધાભાઈ પટેલ<br>(સ.ગુ. શા. સ્વામી હરિસ્વરૂપદાસજીના ગુરૂ.સ.સ્વામી નિરંજનદાસજીના પુણ્ય સ્મરણાર્થે) |
| તા. ૨૯-૦૩-૧૨ | પટેલ શૈલેષભાઈ ગોવિંદભાઈ - મોખાસણ |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિભાવ ભેટયોજના અંતર્ગત નોંધાવનાર દાતાશ્રીઓની યાદી - માર્ચ ૨૦૧૨

| | |
|---|---|
| ● ૫૦,૦૦૦/- | બળદેવભાઈ લાલદાસ પટેલ - ઝુલાસણવાળા<br>સંકલ્પ મુજબ પગાર જમા કરાવતા - હા. અમદાવાદ |
| ● ૩૦,૦૦૦/- | ભાનુબેન સુરેશકુમાર પટેલ - બાપુનગર |
| ● ૨૫,૦૦૦/- | અ.નિ. શાન્તાબેન ખીમજીભાઈ પટેલ (મેડા) અમદા.<br>હ. રતિભાઈ તથા ગોવિંદભાઈ- મ્યુઝિયમ નિભાવ પેટે |
| ● ૧૫,૦૦૦/- | ઘનશ્યામ એન્જીનિયરીંગ ઈન્ડસ્ટ્રીઝ - અમદાવાદ<br>હ. કૌશિકભાઈ જોષી |
| ● ૧૨,૦૫૧/- | ટ્રસ્ટીશ્રી રતિભાઈ- મેડા<br>માતૃશ્રી શાન્તાબાની શ્રધ્ધાજંલિ નિમિત્તે ભેટ |
| ● ૧૧,૧૧૧/- | પરેશકુમાર રામભાઈ પટેલ હ. પુનમભાઈ- સુણાવ |
| ● ૧૧,૦૦૦/- | આત્મારામભાઈ શંકરભાઈ પટેલ - રાણીપ<br>હ. જયેન્દ્રભાઈ એ. પટેલ |
| ● ૧૧,૦૦૦/- | શ્રી સ્વામિ. મંદિર સત્સંગ સમાજ (ચૌધરી) માણેકપુર |
| ● ૬૦૦૧/- | એક હરિભક્ત બહેન (સોનાની કાનની કડી શ્રી નરનારાયણદેવના ગલ્લા પેટીમાં અર્પણ કરી) |
| ● ૫૦૦૧/- | એક હરિભક્ત બહેન (સોનાની કાનની કડી શ્રી નરનારાયણદેવના ગલ્લા પેટીમાં અર્પણ કરી) |
| ● ૫૦૦૧/- | અ.નિ. શાંતાબેન લવજીભાઈ સોલંકી - ઠક્કરનગર<br>અંતિમ સંકલ્પ નિમિત્તે ભેટ |
| ● ૫૦૦૧/- | પટેલ મીનાબેન પ્રવિણકુમાર શાંતિલાલ<br>કેનેડાના વીઝા મળ્યા તે નિમિત્તે |
| ● ૫૦૦૦/- | અ.નિ. દુધીબેન મોહનભાઈ પટેલ - જુના વાડજ<br>હ. ધવલ અરવિંદભાઈ પટેલ |
| ● ૫૦૦૦/- | મહેશભાઈ એસ. પટેલ - લાલોડાવાળા - હા.વાપી |
| ● ૫૦૦૦/- | હિતેન્દ્ર એમ. દરજી (એડવોકેટ)- ઘાટલોડીયા |

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા/મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email:swaminarayanmuseum@gmail.com

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## ભગવાનનાં ચરિત્રો કલ્યાણકારી છે

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

અજબ લીલા છે અલબેલાની, હૈયું રાખો હાથ જોને વાતની શરૂઆત કાંઈક આ પ્રમાણે છે. ભગવાનને બિરાજવા માટે ભક્તોએ આંબલીના વૃક્ષોની વચ્ચે હિંડોળો બાંધ્યો છે. વસંત ઋતુની હજુ તો શરૂઆત જ થઈ છે, અને મહારાજ હિંડોળે ઝુલતાં ઝુલતાં, સંતો અને ભક્તોના આનંદ અને ઉત્સાહને વધારતા કહે છે, આ વખતે વસંતનો ઉત્સવ આપણે ડભાણમાં જ કરવો છે. તો હે ભક્તો ! કેસુડા અને ગુલાલનો જથ્થો વહેલાસર તૈયાર રાખજો. ફાગ માટે ધાણી-ખજૂર તૈયાર રાખજો. આ સમયમાં લાભ લેવાનો રહી જશે તો ફરી ક્યારેય નહી મળે. માટે વસંત બધી ઋતુઓમાં રાજા છે. ધરતી ચારે તરફ હરિયાળી હરિયાળી હોય, વૃક્ષો અને વેલીઓ પર સુગંધીદાર જાતજાતના પુષ્પો ખિલ્યાં હોય ત્યારે કવિરાજ દલપતરામ જાતજાતના પુષ્પો ખિલ્યાં હોય ત્યારે કવિરાજ દલપતરામ કવિએ વસંતને કાવ્ય પુષ્પથી વધાવતાં ખરૂં જ કહ્યું છે કે :-

''રૂડો જુઓ આ ઋતુરાજ આવ્યો,
મુકામ તેણે વનમાં જમાવ્યો,
તરૂવરો એ શણગાર કિધો,
જાણે વસંતે શરપાવ દિધો.''

ફુલોથી લચી પડેલા વૃક્ષો જાણે કે માથે પાઘડી બાંધી હોય તેવા શોભી રહ્યાં છે. આવા મનોહર સમયે સંતો અને હરિભક્તોએ કેસુડાનો રંગ તૈયાર રાખ્યો હતો અને ગુલાલના તો કોથળે કોથળા ભરી રાખ્યા હતા. તે મહારાજ સમક્ષ લાવ્યા. પ્રથમ મહારાજે સંતોને પ્રસાદીના ગુલાલનો સ્પર્શ કરાવ્યો. ત્યાર પછી પિચકારી ભરીને હરિભક્તો ઉપર કેસૂડાના રંગથી બધાને રમાડ્યા. અને ઉપર ગુલાલ ઉડાડ્યો. પ્રભુની આ રંગલીલા જોવા આકાશમાં દેવો પણ હાજર હતા. અને દંદુભી અને વાજાં વગાડી પોતે પણ આ લીલાના દર્શન કરી પોતાને ધન્ય ધન્ય માનવા લાગ્યા. ઉત્સવ પૂર્ણ કરી મહારાજ ન્હાવા પધાર્યા. ૨૨ થી ૨૫ ઘડા પાણીથી મહારાજે સ્નાન કર્યું. ભક્તો આ દશ્યને હૈયામાં કંડારી રહ્યા હતા. અને પોતાને ધન્ય માનતા હતા. પછી મહારાજે બધાને ખોબા ભરી ભરીને ખારેક-ખજૂર વગેરે ફગવાની પ્રસાદી આપી. ત્યારબાદ સૌ સંતો ભક્તો સભાના રૂપમાં ગોઠવાઈ ગયા.

એ સમયે મુળજીભાઈ વણિક શ્રીજી મહારાજ પાસે આવ્યા અને પોતાની સાથે ભુજની કનક મઢેલી બિલોરી કાચ જેવી તેજદાર રોજી ઢાલ લાવ્યા હતા. તે પ્રભુના ચરણે સમર્પણ કરી. એ ઢાલની કિંમત ૧૦૦ (સો) કોરી હતી. મહારાજને અર્પણ કરીને બે હાથ જોડી ઉભા રહ્યા. ત્યાં તો મહારાજ ઉભા થયા અને પોતાના કરમકળમાં રહેલી છડીમાંથી ગુપ્તીને ખેંચી કાઢી. બધા વિચારમાં જ પડી ગયા. હવે મહારાજ શું કરશે !! ત્યાં તો બધાના દેખતાં મહારાજે ગુપ્તી વાળો હાથ ઉંચો કર્યો અને એવો તે પ્રહાર તે ઢાલ ઉપર કર્યો કે ગુપ્તી એક આંગળ ઢાલમાં ઉતરી ગઈ. ગુપ્તીને ખેંચી કાઢી અને ફરીથી હાથ ઉંચો કરીને બીજો પ્રહાર કર્યો તેથી ગુપ્તી ચાર આંગળ જેટલી ઢાલમાં ખૂંચી ગઈ અને આટલું ચરિત્ર કર્યા પછી એ પ્રસાદીની ઢાલ પાછી એ મૂળજી ભક્તને આપી દીધી.

એવી મજબુત અને કિંમતી આ ઢાલ હતી કે ગમે તેવા શૂરવીર લડવૈયાના ઘા આવે તો તેની તલવાર કે ગુપ્તી વળી જાય પણ આ ઢાલમાં એક કાપો સરખો પણ ન પડે. આવી મજબુત ઢાલમાં પણ ભગવાને છીદ્રો પાડી દીધા. આવાં અલૌકિક દર્શન કરીને મુળજી વણિક બોલ્યા, ''ધન્ય છે પ્રભુ ! આપની લીલાને, આપના આ ચરિત્રથી અમને ખબર પડી કે તમે તમારા પૂર્વ અવતારોમાં કેવી રીતે, કેટલી તાકાતથી અસુરોનો સંહાર કર્યો હશે અને ધર્મનું સ્થાપન કરવા કેવી શક્તિ વાપરી હશે.'' ધન્ય છે પ્રભુ તારા આ સ્વરૂપનાં દર્શન કરી અમે ધન્ય ધન્ય બની ગયાં.

મિત્રો ! સાકરનું નાળિયેર હોય તેમાંથી કાંઈ બાદ કરવાનું હોતું નથી. આખું નાળિયેર મીઠું મધરૂ અને ઉપયોગી છે. તેમ ભગવાનના ચરિત્રોમાંથી કાંઈ પણ બાદ કરવાનું હોતું નથી. બધાંજ ચરિત્રો કલ્યાણકારી છે. એમ સમજીને જે શ્રવણ, કીર્તન કે વાંચન કરે છે તેનું સદા સર્વદા શ્રેય થાય છે.

●

## ભક્તરક્ષા

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

''भद्भयाह्वाति वातोऽयं सूर्यस्तपति भद्भयात् ।
वर्षतीन्द्रो दहत्यग्नि मृत्युश्चरति भद्भयात् ॥''

ગીતાના આ શબ્દો જાણે સત્ય ચરિતાર્થ થયા હોય તેવી સુંદર વાત છે.

અદ્‌ભુતાનંદ સ્વામીએ લખેલો આ પ્રસંગ ખોલડીયાદ ગામનો છે. ત્યાં એક ભક્ત હતા રૂડાભાઈ. તેમને ત્યાં સ્વામિનારાયણ ભગવાન સ્વેચ્છાએ પધાર્યા. મહારાજ ત્યાં બે દિવસ રોકાયા. બધા ભક્તો આવે, દર્શન કરે. રૂડાભાઈ બધા ભક્તોને જમાડે. બીજે દિવસે સાંજે મહારાજે રૂડાભાઈને બાજુમાં બેસારીને પૂછ્યું અમારું ભજન કરો છો એ બરાબર પણ ઘરની ચિંતા કરો છે કે નહીં? આ દુષ્કાળનું વર્ષ છે.

ઓગણોતેરામાં દુષ્કાળ બહુ ભયંકર હતો. ક્યાંય વરસાદનું ટીપું પડ્યું નહતું. એ વખતે યંત્રયુગ ન હતો. વાહન વ્યવહાર ન હતા કે અન્ય પ્રાંતોમાંથી અનાજ આવે. શક્ય જ ન હતું. કોઈ વેપારી અનાજ લાવીને વેચવા તૈયાર ન થાય. કારણ કે ગાડું ભરીને લાવતો હોય અને રસ્તામાં મારા મારી થાય, ગાડું લૂંટાઈ જાય. આવી દુર્ગમ સ્થિતિ હતી.

શ્રીજી મહારાજ કહે, હે ભક્ત ! શું કરશો ? અનાજ ઘરમાં ભર્યું છે કે નહિ ? મહારાજ ! આખું વરસ ચાલે એટલું નથી. રૂડા ભક્ત ! તમારા ઘરમાં આખા વરસમાં અનાજનો વપરાશ કેટલો ? મહારાજ લગભગ પાંચ કળશી જેટલું અનાજ જાય. પછી મહારાજે પૂછ્યું. ઘરમાં સંગ્રહ કેટલો છે ? એક જ કળશી અનાજ ઘરમાં બચ્યું છે. આટલું અનાજ વપરાય પછી શું કરશો ? આ રૂડા ભક્તનો જવાબ સાંભળજો. મહારાજ મને જરાય ચિંતા નથી. હા, પણ કાંઈક તો કરવું પડશેને ? કરવાનું શું હોય ? અક્ષરધામમાંથી તેડવા આવજો. ત્યાં તો અનાજ ખૂટે તેમ નથી. શ્રીજી મહારાજ હસ્યા. રૂડાભાઈ એક કામ કરો. ઘરમાં દાગીના હોય તો વેચી નાંખો પણ અનાજ લઈ લો. દાગીના ક્યાંથી હોય અમારા ઘરમાં ! રોકડા રૂપિયા હોય તો મોંઘા ભાવનું ક્યાંઈકથી થોડું ઘણું અનાજ લઈલો. મહારાજ, રૂપિયા પણ ઘરમાં નથી.

શ્રીજી મહારાજ કહે, તો એક કામ કરો. અમારી સાથે ચાલો. અને પાછા વળતાં અમે લોયા જઈશું ત્યારે સુરા ખાચરની વાડીમાં કોશ હાંકવાની ભલામણ કરીશું. અને અમારા કહેવાથી જરૂરી વ્યવસ્થા થઈ જશે. મહારાજ ! મને કોશ હાંકતાં નથી આવડતો અમે નાડોદા રાજપૂત છીએ એટલે કોશ હાકવાનું અને લીલીવાડીઓ કરવાનું અમને ન ફાવે. તો પછી કરશો શું આખું વરસ ? મહારાજ કહ્યું તો ખરું. તમે તેડવા આવજો. એક કળશી અનાજ વપરાઈ જાય એટલે તમે તેડવા આવજો. ચાલો અક્ષરધામમાં અને અમે તૈયાર રહીશું. પણ ભગવાનને પોતાના ભકતને જીવાડવા છે.

પછી મહારાજે વળી પૂછ્યું, તમારે ખેતર તો છે. પણ મહારાજ ! મારું પોતાનું નથી. એક દરબારની પચાસ વીઘા જમીન છે. એ હું વાવવા રાખું છું. એમાં કાંઈ વાવ્યું છે ? હા, બાજરી વાવી હતી. થોડું ઝાપટું પડ્યું હતું તે બધા એ વાવ્યું એમ મેં પણ વાવ્યું. બાજરી ફૂટી જરાક માંડ આંગળી જેટલી થઈ પણ વરસાદ આવ્યો નહી એટલે સૂકાવા લાગી. બધા ખેડૂતો પોતાના ખેતરમાં હવે ભોયા ખોદવા મંડી ગયા છે. હું પણ જવાનો હતો પણ તમે પધાર્યા છો તો બે દિવસ પછી જઈશ. તમારું ખેતર કેટલે દૂર છે ? મહારાજ અહીંથી ચાણપર ગામને રસ્તે વચ્ચે આવે.

મહારાજ બીજે દિવસે ચાલતા થયા. ગામના ભક્તો બીજા મુમુક્ષુઓ વિદાય આપવા આવ્યા. ભગવાને ઉભે રહીને બધાને વિદાય આપી. અને રૂડા ભક્તને કહ્યું, તમે અમારી સાથે ચાલો. મહારાજ માણકી ઘોડીને ધીમે ધીમે ચલાવતા હતા. અને રૂડા ભગત સાથે વાતો કરતા હતા. રસ્તામાં એક ખેતર આવ્યું. મહારાજ કહે, રૂડા ભક્ત આ શું છે ? મહારાજ ! આ બાજરી જુઓ આ પ્રમાણે સુકાઈ ગઈ છે. મારા ખેતરમાં પણ આવી જ હાલત છે. આ લીલી ન થાય ? થાયને મહારાજ ! જો વરસાદ થાય તો કદાચ ફૂટે.

વાતો કરતાં કરતાં રૂડા ભગતને પોતાની સાથે ત્રણ ગાઉ ચલાવ્યા. એમાં રહસ્ય હતું. ભગવાનનું સાનિધ્ય કલ્પવૃક્ષ સમાન છે. પરમાત્માની સાથે રહેતા શીખીએ તો બધાં દુઃખ ક્ષણમાં દૂર થઈ જાય. અત્યારે આપણે ભગવાનની સાથે રહેવું હોય, ભગવાનની સાથે ચાલવું હોય તો શું કરવું ? આપણે માળા ફેરવીએ, માનસી પૂજા કરીએ. ધૂન્ય કરીએ. કથા સાંભળીએ તો સમજવું એટલો સમય ભગવાનની સાથે બેઠા છીએ અને ભગવાનની આજ્ઞા પાળીએ તો ઠાકોરજીની સાથે ચાલ્યા કહેવાય.

રૂડા ભક્તને જોડે જોડે ચલાવ્યા પછી મહારાજે કહ્યું, આટલું બધું થયું. આટલું તપ કર્યું તમે અમારી સાથે સાથે ચાલ્યા. હવે ઘેર જાવ. રૂડા ભગત ઘેર ગયા. બીજે દિવસે સવારે ચાણપર ગામથી કોઈ ભૂદેવ ખોલડિયાદ આવ્યા. ચાણપરથી ખોલડીયાદના રસ્તામાં જ્યાં રૂડા ભગતે બાજરી વાવેલી એ ખેતર આવ્યું અને તેમાં એકજ ખેતરમાં વરસાદ પડેલો જોયો.

ચાણપરના ભૂદેવે આવીને રૂડા ભગતને કહ્યું, ભગત ! તમે શું કર્યું ? જિંદગીમાં ક્યાંય સાંભળું ન હોય, એવું નજરે જોઈને ચાલ્યો આવું છું. કોઈ શાસ્ત્રમાં, પોથી-પુરાણમાં ન મળે એવી વાત તમારા ખેતરમાં નજરો-નજર દેખાય છે.

તમારા પચાસ વિઘાની જે જમીન છે એમાં વરસાદ થયો છે. પાણી ભર્યા છે. તમારા ખેતરના શેઢાની આજુબાજુના ખેતરમાં છાંટો પણ પડ્યો નથી. ફક્ત તમારા જ ખેતરમાં પાણી ભર્યા છે. ગામમાં વાત થઈ કે રૂડા ભગતના ખેતરમાં વરસાદ થયો છે. એ જોવા આખું ગામ ઉમટ્યું ન મનાય એવી વાત હતી. પણ જોયું તો રૂડાના ખેતરમાં ખૂબ વરસાદ સ્વામિનારાયણ ભગવાને કર્યો છે.

રૂડા ભગતને થયું કે હવે મારે જાણવું પડશે. મહારાજે આટલું કામ કર્યું હવે મારે સાવધાની રાખવી પડે. અને પોતાની પૂજા, ગોદડુંને ઘરવખરી લઈને ખેતરમાં માંચડો બાંધીને રહેવા જતા રહ્યાં. રાત દિવસ ખેતરમાં રહે, ચોકી કરે. સમય થતાં ફૂટફૂટના ડૂંડામાં મોતીના દાણા જેવો બાજરો પાક્યો ! બાજરો વાઢી, ઉપણી સાફ કરી માપ્યો તો બરાબર પાંચ કળશી થયો.

જમીનના માલિક દરબારે આવીને કહ્યું, ભગત મારો ભાગ ? ત્યારે ગામના માણસોએ કહ્યું કે, બાપુ ! રૂડાને તો એના સ્વામિનારાયણ ભગવાને બાજરો આપ્યો છે. એમાં તમારો ભાગ ન હોય. રૂડાએ મહેનત કરીને વાવ્યું હોય તો તમારો ભાગ હોય. આ તો એના ભગવાને વરસાદ કરીને આપ્યું છે. એટલે દરબાર કહે, હું જાણું છું. મારે લેવો ન જોઈએ. પણ મારી જીંદગીમાં આવો બાજરો મેં જોયો નથી. માટે જ પ્રસાદી તરીકે એક જ કળશી લઈશ, વધારે નહીં લઉં.

પાંચ કળશી પાક્યો હતો એમાંથી જમીનના માલિકે એક કળશી લીધો. રૂડા ભગતના હાથમાં ચાર કળશી આવ્યો. અને એક કળશી ઘરમાં હતો. થઈ ગયોને પૂરા પાંચ કળશી ! કોઈનો ભાર ન રાખે મુરારી, રૂડા ભગતે કહ્યું હતું ઘરમાં પાંચ કળશી નો વપરાશ છે. તો ભગવાને પાંચ કળશી આપી દીધો. પરમાત્મા તો કલ્પવૃક્ષને ચિંતામણીની પેઠે પોતાના ભક્તોના મનોરથ સિદ્ધ કરે છે.

જનમંગલમાં "પ્રભુઃ" નામ સ્વામિનારાયણ ભગવાન માટે શતાનંદ સ્વામીએ લખ્યું છે. જેમની પાસે સર્વે શક્તિઓ છે. જે સર્વ શક્તિમાન, સર્વ સમર્થ તથા સર્વ સત્તાધીશ છે. એવા ભગવાન ઈચ્છે તો વરસાદ થાય અને ન ઈચ્છે તો વરસાદ ન થાય. પણ ભક્ત રક્ષા માટે પ્રભુ આવી અનેક સામર્થીઓ બતાવે છે જો ભજન કરશો તો ભગવાન સદાય સાથે રહી રક્ષા કરશે.

# આનંદની હેલી

## બાવાની ભલુ ખોવાણી

- શાસ્ત્રી હરિજીવન સ્વામી (હિંમતનગર મહંતશ્રી)

થોડી હળવાશની પળો હોય અને સરખે સરખા આનંદી ભક્તો અને સંતો બેઠા હોય ત્યારે થોડી આનંદની અને હાસ્યની છોળો ઉડતી. આવી જ કોઈક ક્ષણે શ્રીહરિએ પૂછ્યું, સુરાખાચર ! કંઈક વાત કરો. હા મહારાજ ! સાંભળો. એક ગામમાં જાલમગર નામે પૈસાદાર બાવો રહેતો. તેને ભલુ નામે સ્ત્રી અને વૈકુંઠો નામે ચેલો હતો.

એકવાર એવું બન્યું કે બાવો અને બાવી બંને ઝઘડ્યા. આમ તો કાયમ નાની-મોટી ચડભડ તો થયા કરતી, પણ આ વખતે તો ઝઘડો જોરદાર હતો. એટલે ભલુ રીસાણી. એ આ પડ્યો તારો આશ્રમ' ! કહીને ભલુએ ચાલતી પકડી, ઝઘડો થાય ત્યારે ભાન ન રહે, પણ પછી ભલુ વિના ઘર કેમ ચાલે ? ભલુને શોધવા આકાશ-પાતાળ એક કર્યા પણ મળી નહી. એટલે બાવાએ ચેલાને પૂછ્યું વૈકુંઠ ! શું કરીએ તો ભલુ આવે ?

ચેલોય જોરદાર. જુઓ મોટો મંડપ બાંધીએ. મોટો મેળો ભરીએ. પચીસ હજારનો ખરચ કરીએ તો ભલુ આવે. બાવો કહે પચીસ હજાર કુરબાન પણ મેળો ભરો.

અને બાવાએ ભલૂને તેડાવવા તૈયારીઓ આદરી. કંકોત્રીઓ મોકલીને દેશદેશાંતરમાંથી બાવાઓના મંડળો આમંત્ર્યા. ગામે ગામ અને નગરે નગરથી બાવાના ઝુંડ આવવા માંડ્યા. બાવાઓ ઝાંઝ મૃદંગ વગાડતા વગાડતા આવે. વૈકુંઠો આગળ દોડીને પોતાની મા ને શોધે. તપાસ કરે. દેખાય નહિ એટલે પાછો ઢીલો થઈ જાય. ઘેર આવે.

બાવો કહે વૈકુંઠા ! આ મેળો નકામો જશે કે શું ? આપણા રૂપિયા ગયા કે શું ? આમ બાવાના ટોળે ટોળાં આવવાના ચાલું જ હતા. વૈકુંઠો દોડ્યો. રખને મારી મા મળી જાય ! ત્યાં તો છેલ્લા ટોળામાં છોકરાએ પોતાની માને જોઈ. અને વૈકુંઠો પોતાની માને બાઝી પડ્યો. બાવોય ખુશ ખુશ થઈ ગયો. હાશ ! પચીસ હજાર રૂપિયા લેખે લાગી ગયા. એ ભલુ આવી. ભલુ આવી. બાવો તો કૂદ્યો. વાહ મારી ભલુ આવી. ભલુ આવી. એમ વિશિષ્ટ લહેકા સાથે ઉચ્ચારાયેલા સુરાબાપુના શબ્દો સાંભળીને મહારાજ ખુશ થઈ ગયા.

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**"કથા જીવનમાં બદલાવ લાવે છે"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ, ઘોડાસર)

કળિયુગમાં કથામૃત એ કાળરૂપી સર્પના મુખમાં અમૃત સમાન છે. કેમ કે, કળિયુગમાં સંસારરૂપી સર્પ જીવની પાછળ પડ્યો છે. સંસારમાં મન ફસાય નહિ તે માટે પરમાત્માએ જગતને કથામૃત અને નામામૃત આપ્યા છે. જ્યારે જ્યારે તમને વિકાર-વાસનાનો સ્પર્શ થાય ત્યારે કથામૃતનું પાન કરશો અથવા નિરંતર નામ-સ્મરણ કરશો તો સંસારનું વાસનારૂપી ઝેર તમને સ્પર્શ કરસે નહિ. અને માણસને કથાની અસર કેમ થતી નથી ? તો કથાના વક્તા શુકદેવજી જેવા હોવા જોઈએ. વક્તા ખૂબજ ધીર-ગંભીર હોવા જોઈએ. બોલે તે આચરનાર હોવા જોઈએ. જેવા સદાચારી વક્તા તેવી તેની વાણીની અસર પડે છે. સાચા સંતોનું જીવન અત્યંત નિર્મળ હોય છે. તે આત્મા સાથે એકાકાર થઈને પોતાની વાણી પ્રવાહિત કરે છે. જેથી શ્રોતાના મનને સ્પર્શી જાય છે. અને સાચા શ્રોતા પણ રાજા પરિક્ષિત જેવા હોવા જોઈએ. જીજ્ઞાસુ શ્રોતા એ કથા સાંભળ્યા પછી ખૂબજ મનન કરવાની જરૂર છે. અને તે પછી તેનું આચરણ કરવાની જરૂર છે. જો શુદ્ધ મનથી અને દૃઢ નિષ્ઠાથી કથા સાંભળવામાં આવે તો કથા જીવનમાં બદલાવ લાવે છે. કથા સાંભળવાથી માણસનું ચિત્ત એકાગ્ર થાય છે. એટલે માણસનું ચિત્ત કથા પ્રવાહમાં સ્થિર થઈ જાય છે. પરિણામે બુદ્ધિ નિર્મળ બને છે. અને જીવનમાં કલ્યાણકારી વિચાર આવે છે. અને માણસનો અહંકાર નાશ પામે છે. અને માણસના જીવનમાં બદલાવ આવે છે. કથા સાંભળ્યા પછી જીવનમાં પરિવર્તન ન આવે તો માણસને કથાનો થાક લાગે છે. માટે આપણે કથામાં બેસીએ પછી કથા આપણામાં બેસવી જોઈએ. જો ન બેસે તો સમજવાનું કે કથા ધ્યાનથી સાંભળી જ નથી. માત્ર કથા સાંભળવાથી કલ્યાણ થતું નથી. કથા સાંભળવાથી 'પુણ્ય' પ્રાપ્ત થાય છે. અને કથા જીવનમાં ઉતારવાથી કલ્યાણ થાય છે. માટે કથા સાંભળ્યા પછી ભૂલી જવાનું નથી પરંતુ મનન અને ચિંતન કરવાનું પછી જીવનમાં આચરણ કરવાનું છે. શ્રીજી મહારાજે સારંગપુરના ત્રીજા વચનામૃતમાં કહ્યું છે કે, ભગવાનનું દર્શન કરીને તથા કથા-વાર્તા સાંભળીને જો તેનું મનન ને નિદિધ્યાસ નિરંતર કર્યા કરે તો તેને સાક્ષાત્કાર થાય, નહિ તો આખી ઉંમર દર્શન શ્રવણ કરે તો પણ સાક્ષાત્કાર થાય નહીં શ્રવણ, મનન, નિદિધ્યાસ અને સાક્ષાત્કાર તે કોને કહેવાય ? ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે "શ્રોત્રે કરીને વાર્તા સાંભળવી તેને શ્રવણ કહીએ અને જે વાર્તા શ્રવણ કરી હોય તે વાર્તાનો મને કરીને વિચાર કરીને જેટલી વાર્તા ત્યાગ કર્યા યોગ્ય હોય તેટલીનો ત્યાગ કરે અને જેટલી વાર્તા ગ્રહણ કર્યા યોગ્ય હોય તેટલીનું ગ્રહણ કરે તેને મનન કહીએ, અને જે વાર્તા નિશ્ચય કરીને મનને વિષે ગ્રહણ કરી હોય તેને રાત-દિવસ સંભારવાનો જે અભ્યાસ રાખવો તેને નિદિધ્યાસ કહીએ અને જે વાર્તા જેવી હોય તેવી ને તેવી જ ચિંતવન કર્યા વિના પણ સર્વે મૂર્તિમાનની પેઠે ઈંદ સાંભરી આવે તેને સાક્ષાત્કાર કહીએ. મનન અને નિદિધ્યાસ એ બે કર્યા વિના કેવળ શ્રવણે કરીને સાક્ષાત્કાર થતો નથી. અને જો ભગવાનના સ્વરૂપનું દર્શન કરીને તેનું મનન અને નિદિધ્યાસ તેમ ન કર્યું હોય તો લાખ વર્ષ સુધી દર્શન કરે તો પણ તે સ્વરૂપનો સાક્ષાત્કાર ન થાય," અને માનવી કથા સાંભળે તો તેને ભાન થાય છે કે મારી ક્યાં ભૂલ થાય છે ? માનવી પોતાની ભૂલ કદી કબૂલ કરવા તૈયાર નથી. અને કદાચ કબૂલ કરે તો તેને છોડવાની ઈચ્છા થતી નથી. પણ તે જો કથા સાંભળે તો તેને સ્વદોષનું ભાન થાય છે. માટે કથારૂપી ગંગામાં સ્નાન કરવાથી જ માણસનું મન શુધ્ધ થાય છે. અને મન શુધ્ધ થાય પછી જ કથા જીવનમાં ઉતરશે. આજે માણસ મનને શુધ્ધ રાખવાને બદલે શરીરની ખૂબ કાળજી રાખે છે. મનુષ્ય ક્ષણભંગુર શરીર ઉપર ખૂબ મમતા રાખે છે. તેને ખૂબ લાડ કરાવે છે. ખૂબ સમજાવે છે. ગમે તેટલું ધ્યાન રાખો તો પણ શરીરનો ક્ષય થવાનો જ છે. આ દેહ હાડકાં માંસ અને રૂધિરનો પિંડ છે. એના પર મમતા ન રાખો એનો અર્થ એવો નથી કે શરીરનું ધ્યાન નહિ રાખવાનું, જરૂર પુરતી કાળજી રાખવાની છે. કેમ કે, આ મનુષ્ય શરીરના માધ્યમ થકી જ પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે ? માટે કથા બરાબર સાંભળો, મનન કરો અને સારભાગ જીવનમાં ઉતારો તો જ કથા સાંભળી સાર્થક ગણાશે.

●

## ઉપાસના ચોખ્ખી સમજવી

- સાંખ્યયોગી કોકીલાબા (સુરેન્દ્રનગર)

ભગવાનના ભક્તે ભગવાનની ઉપાસના નિરૂત્થાન ભાવે કરવી જોઈએ. ભગવાનના સ્વરૂપને, શાસ્ત્ર અને સંતસમાગમથી જ જાણવું જોઈએ, જાણ્યા પછી ભગવાનના સ્વરૂપમાં કોઈ જાતનો તર્ક થવો જોઈએ નહી. ત્યારે જ દ્રઢ ઉપાસના થઈ કહેવાય. જેમ બાળકને બચપણમાંથી જ આ મારા પિતા છે, આ મારી મા છે કે બહેન છે. કાકા છે કે દાદા છે કે મામા છે. ઈત્યાદિક જીવમાં નિરૂત્થાન પણે નિશ્ચય થઈ જાય છે. તે જીવન પર્યંત જતો નથી. તે ભાવ જીવમાં અતિ બધ્ધ થઈ જાય છે. તેમ ઉપાસકે ભગવત્સ્વરૂપમાં દ્રઢ નિશ્ચય કરીને ભગવાનની ઉપાસના કરવી જોઈએ. જે અનુષ્ઠાન દ્રઢ થવાથી તેની ફળસિધ્ધિ રૂપે ભગવાનના સમીપમાં નિવાસ થાય છે. ઉપ + આસન. ઉપ એટલે સમીપમાં આસન એટલે બેસવું. અર્થાત્ પરમાત્મા જે ઈષ્ટદેવના સમીપમાં નિરંતર બેસવું. તેનું નામ ઉપાસના કહેવાય. ભગવાનનો ભક્ત પંચ ભૌતિક દેહનો ત્યાગ કરીને મુક્તભાવથી ભગવાનની મૂર્તિ સન્મુખ રહે છે. ને મૂર્તિના દર્શન સુખનો અનુભવ કરે છે. આ સુખનો અનુભવ મેળવવા માટે આલોકમાં સાધનો કરવાનાં કહેલ છે.

માટે ઉપાસ્ય સ્વરૂપ જે શ્રી સ્વામિનારાયણ ભગવાનને સદા સાકાર, અને સર્વ અવતારના અવતારીને સર્વોપરિ સમજી તેનુંજ ધ્યાન, રટન, પૂજાપાઠ, અખંડ સ્મૃતિપૂર્વક લીલા ચરિત્રોનું ગાન કરવું જોઈ. અખંડ વૃત્તિનો અભ્યાસ થતા જ પરમાત્માનો સાક્ષાત્કાર હૃદયમાં થાય છે. આવી રીતે મૂર્તિનાં દર્શન થવાથી સર્વ હૃદયની ગ્રંથીઓ છૂટી જાય છે. જેવી કે કામ, ક્રોધ, લોભ, મોહ, તૃષ્ણા, રાગ, દ્વેષ, અભિમાન, મારૂં-તારૂં પારકું પોતાનું ઈત્યાદિક જે અહંપણાની ગ્રન્થીઓ છુટી જાય છે. સર્વ તર્ક - વિતર્ક સાકાર કે નિરાકાર, નિર્ગુણ-સગુણ, આદિકમાં ઉપાસનાની દૃઢતા નહી થવાથી અનેક તર્ક વિતર્ક અંતઃકરણમાં થાય છે. ભગવાનના સ્વરૂપનો યથાર્થ અનુભવ થવાથી બધા સંશયો નાશ પામી જાય છે.

મહાત્મ્યપૂર્વક શ્રીહરિનો સર્વોપરીતાનો દ્રઢ નિશ્ચય કરીને તે સ્વરૂપમાં અનન્ય નિષ્ઠા રાખી એક ધારી ઉપાસના કરવી જોઈએ. તેમ થવાથી સત્વરે ઉપાસનાની સિધ્ધિ થાય છે. અર્થાત્ ભગવાનની મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે. આત્યંતિક કલ્યાણ માટે ચોખ્ખી ઉપાસના સમજવી ખૂબજ અનિવાર્ય છે.

''જેમ સો સો શૂન્ય સારાં કરે, પણ એક અંક ન કરે જો આગળે. તે સરવાળો શાનો મેલશે. જે કરે છે કાળપ આગળે.

એકડા વિનાના ગમે તેટલાં મીંડા હોય, તો પણ તેની કોઈ કિંમત નથી. તેમ પરબ્રહ્મ પુરુષોત્તમ ને જેવા છે તેવા જાણ્યા વગરના ગમે તેટલા સાધન કરે તેનો કોઈ અર્થ નથી. માટે ઉપાસના ચોખ્ખી સમજવી એ શ્રીહરિનો હૃદયગત મુખ્ય સિધ્ધાંત છે. વચનામૃતમાં ભગવાન શ્રીહરિ ઠેકઠેકાણે શુધ્ધ, ચોખ્ખી ઉપાસના માટે અવતાર-અવતારીના ભેદ સ્પષ્ટ સમજવા માટે વારંવાર ભારપૂર્વક ઉપાસનાની વાતો કરી છે. માટે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનાં સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થવું ખૂબજ અનિવાર્ય છે.

ભારત દેશમાં જાતજાતનાં સંપ્રદાયો અને તેના મંતવ્યો સનાનત ધર્મ સિવાય ભિન્ન ભિન્ન સ્વરૂપે પ્રગટ કરાયેલા છે. જે સંપ્રદાય હોય તેમાં મુખ્ય એક દેવને પ્રાધાન્ય માનીને તેને વશ કરવા અગર સિધ્ધ કરવા માંત્રિક તાંત્રિક પ્રયોગો બતાવેલા છે. બધાજ સ્વ ઈષ્ટદેવને અગ્રગણ્ય માનીને તેમાં અડગ નિશ્ચય કરી એક ભાવથી આરાધના કરવામાં આવે છે. જે જે દેવમાં જેવી શ્રધ્ધાથી ઉપાસના કરવામાં આવે તેવી સિધ્ધિ જરૂર થાય છે. ''શ્રધ્ધા ફલતી સર્વત્ર'' આ મુજબ શ્રધ્ધાનુંસાર બધા કાર્યમાં સફળતા મળે છે. પણ ઉપાસકે પ્રથમ પવિત્ર થવું જોઈએ. કેમ કે દેવ જેવો પવિત્ર થઈને દેવનું પૂજન કરવું જોઈએ. તો જ ઉપાસનાની સિધ્ધિ થાય છે.

પ્રથમ ઉપાસકે માયિક ઉપાધિથી રહિત બ્રહ્મભાવ કેળવવા પ્રયાસ કરવો જોઈએ. શુધ્ધ ચૈતન્ય આત્મસ્વરૂપ જણાય ત્યારે જ ભગવાનની મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે. આત્મા ને પરમાત્માના સુયોગમાં માયાનું આવરણ જ ઘણું વિઘ્ન કરનાર છે. એટલે માયાનું આવરણ આત્માથી ભિન્ન થવું જોઈએ. એ નિવૃત્તિ થયા બાદ ઉપાસ્ય વસ્તુ જે પરમાત્મા તે સાધ્ય બને છે. જીવ જ્યારે પરમાત્માના શરણમાં જાય ત્યારે ભગવાનની માયાને તરે છે. ને તે ઉપાસક પરમ એકાંતિક સ્થિતિ વાળો થાય છે. જ્યારે તેવી એકાંતિક સ્થિતિ થાય ત્યારે સર્વોપરિ પરમાત્માનો સુયોગ થતાં જરાય વાર લાગતી નથી.

જીવાત્મામાં બળ તો અપાર રહ્યું છે. પરંતુ માયાના અનંત આવરણોથી તે દબાઈ ગયું છે ને જીવાત્મા નિર્બળ બની ગયો છે. આ જીવાત્મા નિશ્ચય, ઉપાસનાથી જ બળવાન બને છે. ભગવાનનો પરિપૂર્ણ નિશ્ચય થયા મોર

તો આ જીવાત્મા અમાવસ્યાના ચંદ્રની પેઠે કળાએ રહિત ખદ્યોત જેવો હોય છે ને પછી જેમ જેમ પરમેશ્વરનો મહિમાએ સહિત નિશ્ચય થાય તેમ તેમ વૃદ્ધિને પામીને પૂર્ણ માસીના ચંદ્રમાં જેવો થાય છે. પછી જીવાત્માને ઈન્દ્રિયો અંતઃકરણ, નિશ્ચયમાંથી ડગાવવાને સમર્થ થતા નથી. ૧૦૦ જનમે અક્ષરધામ ન મેળવી શકે તે આવી નિષ્ઠાથી ઉપાસનાની ચોખ્ખી સમજણથી અક્ષરધામ મેળવી શકે છે. શ્રીજી મહારાજે અક્ષરધામમાં જીવાત્માને લઈ જવા માટે કલ્યાણ સહેલું કરી દીધું છે.

શુધ્ધ સર્વોપરી ઉપાસના સમજવા માટે શ્રીહરિએ ગઢડા મધ્ય પ્રકરણના ૧૩ માં વચનામૃતમાં સચોટ નિર્ણય કરેલો છે. તે વચનામૃત દરરોજ વાંચવું જેથી શ્રી સ્વામિનારાયણ ભગવાનની દૃઢતા થશે. અને કોઈ જાતની અન્ય અવતારોમાં પ્રતીતિ નહી રહે ને કેવળ ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિની શ્રેષ્ઠતા આપોઆપ સમજાશે. શ્રીજી મહારાજે સ્વયં ઉપાસના કરવાની સમજણ આપી છે. જે એક જ સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિની ઉપાસના અને ધ્યાન કરવાનું સમજાવ્યું છે. માટે ભગવાન સ્વામિનારાયણની મૂર્તિમાં (સ્વરૂપ)માં નિષ્ઠા રાખવી.

●

## સાચા ભક્તજનની શ્રીહરિ કરે છે સહાય

- સાંખ્યયોગી ગીતાબા (વિરમગામ)

શ્રીજી મહારાજે દયા કરીને ભરતખંડમાં જન્મ આપ્યો તો જીવનના છેલ્લા શ્વાસ સુધી ભક્તિ ચાલુ રાખો. જેમ શરીર માટે દરરોજ ભોજનની જરૂર છે તેમ આત્મા માટે હરિસ્મરણની જરૂર છે. ભક્તિ તો નિત્યની સાધના ને આરાધના છે. આયુષ્યનો સૂર્ય આથમે તે પહેલા પ્રભુ પ્રાપ્તિનો સૂર્ય પ્રગટ કરી લેજો નહીંતર અચાનક અંધારૂ થશે ને રડવાનો વારો આવશે. માટે હાથમાં બાજી છે ત્યાં સુધી શ્રીજી મહારાજને રાજી કરી લેવા.

આ જન્મે કે લાખ જન્મ બાદ એક જ કામ આપણે કરવાનું છે. શું ? માયા મુકવી અને શ્રીહરિનું સ્મરણ વધારવું.

પીઠવડીના પરમ ભક્ત રૂકમાઈબાઈ હતા. નિયમ ધર્મનું બરાબર પાલન કરે. પોતે સત્સંગ કરે ને બીજાને કરાવે. દીકરી માવતરના ઘેર કેટલા દિવસ હોય ?

માતાએ દીકરીનાં હળીયાદમાં કલ્યાણભાઈ સાથે લગ્ન કર્યા. સાસરીયા પક્ષમાં બિલકુલ સત્સંગ નહીં. નિયમ ધર્મનું કોઈ પાલન કરે નહીં. પાણી ગાળીને વાપરે નહી, સવારે પૂજા પાઠ કાંઈ કરે નહી, એકાદશીનું વ્રત કરે નહી. સાવ નાસ્તિક જેવા હતા. રૂકમાબાઈને તેમની રીતભાત જરાય ગમે નહિ. સત્સંગની વાત કરે તો વાતને ઊડાડી દે, અમને સત્સંગ કરવો ગમે નહીં. અમે ભગવાનને માનતા નથી. સત્સંગ તો ભાગ્યશાળી હોય તે જ કરી શકે છે. સાસુ, નણંદ અને પતિ બહુ જ કનડગત કરે છે. રોટલા ઉપર ડુંગળી ઘસી જાય જેથી રૂકમાઈબાઈ છાશને દૂધ પી લે પણ કોઈને કાંઈ પણ કહે નહીં. પીવાના પાણીમાં છાશમાં અને દૂધમાં અણગાળેલ પાણી નાખી દે. ડુંગળી લસણ અને હીંગ વગેરે તામસી પદાર્થ નાખી દે. ઉપવાસ થઈ જાય પણ રૂકમાઈબાઈ જમે નહિ. હિંમત રાખી દિવસ પસાર કરે છે.

અંતરમાં શ્રીહરિનું સ્મરણ ચાલુ છે. સ્વામિનારાયણ સ્વામિનારાયણ. માછલું પાણી વિના રહી ન શકે તેમ સાચા ભક્તજન ભગવાન વિના રહી ન શકે.

માછલાનું જીવન જળ છે. ભક્તનું જીવન ભગવાન છે. ડાળ અને પાંદડાં ઊંચા રહે છે. તેમ સાચા ભક્તજન જગતનો વ્યવહાર ઉપરથી કરતા હોય છે. પણ તેમનું મન તો ભગવાનમાં જ ચોટેલું હોય છે. જેમ ઝાડનું મૂળ જમીનમાં રહે છે તેમ ભક્તજનનું મૂળ ભગવાનની ભક્તિ માજ રહે છે.

રૂકમાઈબાઈ નું હૈયુ દુઃખથી ભરાઈ આવે ત્યારે સાડીના ઘુંઘટમાં આંસુ સારી લે પણ ઘરની વાત બહાર કોઈને કહે નહી. એક દિવસ તેના પતિએ પૂજા સંતાડી દીધી, માળા તોડી નાખી અને મન ફાવે તેમ માર કૂટ કરે. બહુ હેરાન કરે છે. દુઃખનો કોઈ પાર નથી છતાં બધું સહન કરે છે અને ઘરનું કામ શાંતિથી કરે. ઘરમાં કોઈ પ્રેમભાવથી બોલાવતા નથી. સૌ કોઈ તિરસ્કાર કરે છે.

એક વખત રૂકમાઈબાઈને મારી કુટીને ભૂખ્યા તરસ્યા ઘરમાં પુરી દીધા. જોઈ લઈશ હવે તારો ભગવાન શું કરે છે. અમારુ માનતી નથી. મન ફાવે તેમ કરે છે. સાત દિવસ થયા કોઈએ પાણી કે ભોજન આપ્યું નથી. દુઃખનો કોઈ પાર નથી. વિચાર કરો પાણી વિના કેમ દિવસ પસાર કર્યા હશે ! રડતા રડતા શ્રીહરિને યાદ કરે છે. તમને મળ્યા વિના મારી પીડા મટશે નહી. ઓરડામાં બેઠા બેઠા કીર્તન ગાય છે.

રંગીલા કાન છેટે રહેવું તે વારી નવ ઘટે,
રંગીલા કાન મળ્યા વિના તો પીડા નવ મટે,
રંગીલા કાન બ્રહ્માનંદની અરજી તે સાંભળો,
રંગીલા કાન આવી એકાન્તે મુંજને મળો.

હે પ્રભુ મારી અરજી સાંભળો, એકાંતે મુજને મળો ને મારૂ દુઃખ દૂર કરો. અંતરની પ્રાર્થના સાંભળી પ્રભુ મદદમાં આવી ગયા. મધ્ય રાત્રે ઘરમાં શ્વેત પ્રકાશ છવાઈ

ગયો ! પ્રકાશ મધ્યે દિવ્ય સ્વરૂપે શ્રીજી મહારાજ પ્રગટ થયા.

રૂકમાઈબાઈ પ્રભુના ચરણમાં મસ્તક મુકી ચરણને આંસુથી પલાળી દીધા. શ્રીજી મહારાજે પોતાનો હસ્તકમળ બાઈના મસ્તક ઉપર પધરાવ્યો. શ્રીજી મહારાજ કહે છે રૂકમાઈબાઈ ધન્ય છે તમારી ભક્તિને અને ધીરજ શક્તિને ! હું તમારી સાથે જ છું. તમે જરાય ચિંતા ન કરશો. ધીરજ રાખો બધું સારુ થઈ જશે. તમારી શું ઈચ્છા છે ?

મહારાજ મને તમારા ચરણમાં રાખો અને કુસંગીથી બચાવો. મને ગઢપુરમાં જીવુબા અને લાડુબા સાથે રહેવું છે. આ જગતની ઝંઝાટ ગમતી નથી.

શ્રીજી મહારાજ કહે છે : આજથી તમારૂં દુઃખ દૂર થઈ જશે. આંખ બંધ કરી અમારૂ ધ્યાન કરો. જ્યાં આંખ બંધ કરી ત્યાં ભગવાને પોતાની યોગ શક્તિથી ગઢપુરમાં પહોંચાડી દીધા ! જ્યાં આંખ ખોલી ત્યાં ગઢપુર દાદાનો દરબાર દેખાયો. આશ્ચર્યનો કોઈ પાર ન રહ્યો ! હે, મહારાજ તમે મારી ખરી વેળાએ રક્ષા કરી. તમારી દયાનો કોઈ પાર નથી.

બીજે દિવસે રૂકમાઈબાઈના પતિએ ઓરડો ખોલ્યો તો અંદર કોઈ નથી ? શોધતાં શોધતાં ગઢપુર આવ્યા ત્યાં પ્રભુએ તેમના બધાયના અંતઃકરણ ફેરવી દીધા તેથી પ્રભુને પગે લાગ્યા હે. મહારાજ હવે તમે રૂકમાઈબાઈને હળીયાદ મોકલો અમે જરાય દુઃખી નહી કરીએ. નિયમ ધર્મનું પાલન કરશું ને સત્સંગ કરશું. શ્રીજી મહારાજે કહ્યું રૂકમાઈબાઈ તમે તમારા ઘેર સુખેથી જાઓ સત્સંગનું બળ રાખીને સૌને સત્સંગ કરાવજો. પ્રભુનું સ્મરણ કરતા કરતા રસોઈ બનાવજો તે રસોઈ જે જમશે તેના અંતઃકરણ પવિત્ર થાશે અને પ્રભુની ભક્તિ કરશે તમને હેરાન નહીં કરે. એવા શુભ આશીર્વાદ આપીએ છીએ.

રૂકમાઈબાઈ ઘેર ગયા. ધીરે ધીરે આખા ગામમાં સત્સંગ વધવા લાગ્યો. સાથે બેસીને સૌ સત્સંગ કરે ને બીજાને કરાવે છે. આખું ગામ સત્સંગી થઈ ગયુ. આ છે સત્સંગ અને ધીરજનો પ્રતાપ.

માટે આપણે પણ શૂરવીર ભક્ત થઈએ અને શ્રીજી મહારાજનું ખૂબ ભજન કરીએ અને કરાવીએ એજ શ્રી નરનારાયણદેવના ચરણમાં પ્રાર્થના.

●

### સર્વોપરિ ઉપાસના

- પરમાર ભૂમિકા ભગવાનજીભાઈ (હાલાર-સુરત)

ખીમજી સુથાર ભગવાનના એકાંતિક ભક્ત હતા. તેઓ એક વખત સુરત જવા માટે ભાવનગરથી વહાણમાં બેઠા. ભાલમાં કંકુવર્ણો ચાંદલો ને કેસરનું તિલક, કંઠમાં કંઠી હાથમાં માળા ને મુખમાં સ્વામિનારાયણ નામનું રટણ કરતા હતા. તેમની સાથે વહાણમાં એક બાવો મંત્ર વિદ્યાવાળો બેઠો હતો. તેને સ્વામિનારાયણ નામની એલર્જી હતી. સુરત પહોંચ્યા. ભગત તો થાક્યા પાક્યા સૂઈ ગયા. પેલા બાવા એ તો ભગત પર અળદ મંત્રીને છાંટ્યા. બાવાને એમ કે આજે આ સ્વામિનારાયણનું આવી બન્યું.

સવારે ઉઠીને ખીમજી ભગતે જોયું તો આજુ બાજુ અળદ વેરાયેલા હતા. ભકત તો રાજીના રેડ થઈ ગયા. વિચાર કરવા લાગ્યા ''મહારાજે દયા કરી નહિતર આ અજાણ્યા શહેરમાં હું ખાવા પીવાની વ્યવસ્થા કેવી રીતે કરત. મહારાજે આ અળદ મોકલ્યા છે તો લાવ એનું શાક બનાવી નાખું.'' વહાલા ભક્તો ભગવાનના સાચા ભક્તના લક્ષણ જ આ છે. કોઈપણ ક્રિયાને મહારાજની મરજી જાણી લે છે. તેની જગ્યા એ જો જગતના જીવ હોય તો અનેક વિચાર કરવા લાગી જાય કે આ અળદ આવ્યા ક્યાંથી હશે ? અનેક પ્રકારની શંકા કુશંકા કરવા લાગે.

ભગત તો શાક બનાવી મહારાજને જમાડી ને જ્યાં જમવા બેઠા ત્યાં પેલો બાવો આવે છે. બાવા ને તો આશ્ચર્યનો પાર ન રહ્યો. કારણ કે તેને એવું અભિમાન હતું કે ''હું જે વ્યક્તિ પર અળદ નાખું એ મારા અળદ નકામા ન જાય.'' બાવાથી ન રહેવાયું એટલે ખીમજી સુથારને પૂછ્યું. ત્યારે ખીમજી સુથારે બધી વૃતાંતે વાત કરી ત્યારે એ બાવાને નિશ્ચય થઈ ગયો કે જો આ ભગતમા આવી સામર્થી છે તો તેના ભગવાન તો કેવા પ્રતાપી હશે.'' બાવો તો ખીમજી સુથાર સાથે ગઢપુર આવ્યો મહારાજના ચરણોમાં દંડવત કરવા લાગ્યો અને બસ એક જ રટન કરવા લાગ્યો કે ''હે મહારાજ ! મને તમારો સાધુ કરો.'' મહારાજે તેમને ભાગવતી દીક્ષા આપી અને નામ પાડ્યું શૂન્યતીતાનંદ સ્વામી.

પાછળથી શૂન્યતીતાનંદ સ્વામીને મહારાજે સુરત મોકલ્યા ને સત્સંગ કરાવીને સ્વામીએ સુરતમાં ભવ્ય મંદિર બનાવરાવ્યું ને પ્રસાદીના ''નારાયણ મુનિદેવ'' પધરાવ્યા.

જોયું ને વ્હાલા ભક્તો ! ખીમજી સુથારની એ સર્વોપરિ નિષ્ઠા. સર્વોપરિ ઉપાસનાના બળે જ એ બાવાના અળદ સુથાર પર કોઈ અસર ન કરી શક્યા. મહારાજે વચનામૃતમાં પણ કહ્યું છે કે, ''જે મારો ખરો ભક્ત હોય તેને મંત્ર તંત્રમાં પ્રતિતી ન આવે.'' ચાહે ગમે તેવો વિપરિત

સમય આવે પણ ભગવાનથી અધિક કોઈને ન જ જાણવા જોઈએ. મહારાજની મરજી એજ સત્સંગીનું પ્રારબ્ધ હોય છે. કાળ-કર્મ કે માયા એ ત્રણ જે ભગવાનની શક્તિ એ પણ ભગવાનના ભક્તનું એક રુંવાડું ફરકાવવા ને સમર્થ નથી તો પછી જગતના જીવની તો વાત જ શું કરવી. આપણે પણ ખીમા સુથાર જેવા મહારાજના એકાંતિક ભક્ત થઈ મહારાજને સર્વોપરિ જાણી તેમને રાજી કરી લેવા અને તેમના સ્થાને બિરાજમાન એવા પવિત્ર ધર્મકુળને રાજી કરી લેવું એ જ આપણા આ મનુષ્ય જન્મની ખરી સાર્થકતા છે.

●

### પરીક્ષા

- અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર)

પરમાત્મા પોતાના ભક્તોની પરીક્ષા બહુ જ આકરી કરતા હોય છે. તેમાંથી ભક્ત જો પસાર થાય તો તેને ભક્તની ઉપમા આપવામાં આવે છે, ત્યાર પછી જ પ્રભુ પોતાની ડાયરીમાં એવા ભક્તોનું નામ સરનામું લખતા હોય છે.

જેતલપુરમાં એક દિવસ પ્રાચીન ગઢમાં શ્રીજી મહારાજ સભા ભરીને વિરાજમાન હતા. સંતો અને હરિભક્તો ચકોરની જેમ પરમાત્માના મુખેથી અમૃતવાણીનું પાન કરી રહ્યા હતા.

શ્રીહરિને અચાનક વિચાર આવ્યો. આ ભક્તો મારા સ્વરૂપમાં તલ્લીન બન્યા છે. તો જરા પરીક્ષા કરી જોઉં કે મારા વિષે દઢ શ્રધ્ધા ભક્તિ કેવી છે. ''ધીરજ ધર્મ મિત્ર અરુ નારી, આપ્તકાળ પરખી હી સારી.'' એ ન્યાયે આપ્તકાળ જેવા સંયોગો સિવાય ટકાવારીનો ખ્યાલ આવતો નથી. સુવર્ણને તપાવ્યા સિવાય તેની કિંમત આંકી શકાતી નથી.

શ્રીહરિએ ભક્તોને કહ્યું, તમે સર્વે એક બીજાની આંગળી પકડી મારી સામે પંક્તિ ક્રમમાં ઉભા રહો.

પ્રભુના મુખેથી વાક્ય પુરું થતાં જ આજ્ઞા મુજબ સર્વે ઊભા રહ્યાં. શ્રીહરિ બોલ્યા કે તમે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી પરમહંસ બની જાઓ. એવી અમારી આજ્ઞા છે. આ પ્રમાણે શ્રીહરિના વચનો સાંભળી ભક્તજનોએ કહ્યું આપની આજ્ઞા મુજબ અમો પરમહંસ બનીશું. અત્યારે જ દીક્ષા આપો. ભક્તોની દઢતા જોઈ શ્રીહરિ ખૂબજ રાજી થયા. આવા વિચારો-જ્ઞાન છે. તો ગૃહસ્થાશ્રમમાં પણ પરમહંસ જ છો. તમારી દઢતા જોવા માટે પરીક્ષા કરી હતી.

વળી એક દિવસ મહોલમાં સભા ભરીને બિરાજમાન હતા ત્યારે ગોવર્ધનભાઈ તથા પ્રાંતિજના તુલજારામ શ્રીહરિના દર્શને આવ્યા. અંતર્યામી પરમાત્મા અજાણ્યા થઈ બન્નેને પૂછવા લાગ્યા કે તમે કોણ છો ? તુલજારામે જવાબ આપ્યો કે હું કોઈનો પુત્ર નથી. કોઈનો સંબંધી નથી. કોઈનો મિત્ર અને શત્રુ નથી. સચ્ચિદાનંદ સ્વરૂપ છું અને આપનો દાસ છું.

શ્રીહરિએ કહ્યું, તમે કહો છો તે પ્રમાણે તમારામાં આત્મનિષ્ઠા પરિપકવ નથી, જો હોય તો હું તમારા શરીરના તલવારથી કટકા કરી નાંખુ તો શું તમે દુઃખી નહીં થાઓ ?

તુલજારામ કહે આપની કૃપાથી મારે દેહાત્મ બુદ્ધિ નથી અને અહંકારથી રહિત છું. તેથી મને કાંઈ થશે નહી ? ત્યાં તો શ્રીહરિએ ખડગ કાઢ્યું. તુલજારામે મસ્તક ધર્યું. મનમાં વિચાર કર્યો કે પ્રભુના હાથે મારું મૃત્યુ થશે. મારો જન્મ સફળ બની ગયો.

શ્રીહરિ ખૂબ જ રાજી થયા. પોતાના ગળામાંથી પુષ્પનો હાર કાઢી તુલજારામને રાજીપાના પ્રતિક રૂપે પહેરાવ્યો. અને સભામાં તુલજારામની શ્રધ્ધા વિશે પ્રસંશા કરવા લાગ્યા. શ્રીજી મહારાજ આ પ્રમાણે ઘણા ભક્તોની પરીક્ષા કરતા હતા.

### સુબોધ સાગર ગ્રંથનું હિન્દી ભાષામાં પ્રકાશન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી અમદાવાદ મંદિરના અ.નિ.સ.ગુ. બ્ર. દામોદરાનંદજી સ્વામી કૃત 'સુબોધ સાગર' ગ્રંથ ગુજરાતી અને અંગ્રેજીમાં પ્રકાશિત થયો છે. પરંતુ હિંદી ભાષી પ્રાંતના ભાવિક ભક્તોની માગણી સંતોષવા પૂજારી બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજીને હિંદી ભાષામાં ગ્રંથને પ્રકાશિત કરવા પ.પૂ. મહારાજશ્રીએ રાજી થઈ આજ્ઞા કરી અને જે ગ્રંથનું હિન્દી ભાષાનું જેમનું અદ્‌ભુત અને ઉંચું જ્ઞાન છે તેવા આપણા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીએ ગ્રંથનું પરિમાર્જન કર્યું છે અને ભાષાંતર પ.ભ. શ્રી તરુણભાઈ રાવલે કર્યું છે. જેમાં સૌજન્ય સેવા પ.ભ. ભાષ્કરભાઈ જયદેવભાઈ બ્રહ્મભટ્ટ અને પ.ભ. ડૉ. મનોજભાઈ જયદેવભાઈ બ્રહ્મભટ્ટ અને પ.ભ. ધવલ બ્રહ્મભટ્ટે કરી છે. આ હિન્દી સુબોધ સાગર ગ્રંથ અમદાવાદ મંદિરના સાહિત્ય કેન્દ્ર પર ઉપલબ્ધ છે.

# પ્રશ્નપેટી

**સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)**

**પ્ર. : ૧** શિક્ષાપત્રીમાં પૂજા વિધિ કેટલાથી કેટલા શ્લોકમાં બતાવી છે ?

**પ્ર. : ૨** સાધુ થવા માટે આવેલા રાજાભાઈને સ્વામિનારાયણ ભગવાને પર્વતભાઈને ત્યાં ખેતી કરવા મોકલ્યા તે રાજાભાઈ કેટલા વર્ષ રહ્યાં તે ક્યા ગામના હતા ?

**પ્ર. : ૩** નંદ સંતની પંક્તિના છેલ્લા સંત સ.ગુ. પ્રસાદાનંદ સ્વામીનું પૂર્વાશ્રમમાં શું નામ હતું ?

**પ્ર. : ૪** પાદરા ગામમાં શ્રીહરિએ સંતો પાસે ભગવા વસ્ત્ર પહેરવા માટે કેમ માગ્યા ?

**પ્ર. : ૫** વનવિચરણ દરમ્યાન મૃગની હિંસા કરનાર રાજાને વર્ણીરાજે ના પાડી તોય રાજા માન્યો નહિ તે સમયે વર્ણીરાજના મુખેથી ક્યા શબ્દો સરી પડ્યા હતા ?

**પ્ર. : ૬** ‘‘આજથી અમારો તથા અમારા સંતોનો કોઈ પણ શાપ ક્યારે પણ સત્ય ન થાવ પણ જો કોઈના સુખ માટે શુભ સંકલ્પ થાય તો તે સત્ય થાય પણ શાપ અપાઈ ગયો હોય તો તે સત્ય ન થાય’’ - આવો સંકલ્પ કોણે ક્યારે કર્યો હતો ?

**પ્ર. : ૭** શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની સ્થાપના તિથિ કઈ છે ?

## માર્ચ-૨૦૧૨ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) પંચાળાના ૫ માં વચનામૃતમાં. (૨) મામૈયો, હાથીયો, રામલો. (૩) માતારાઈબાએ ન બોલાવ્યાને વળી હાથમાં ધોકો લઈને આવીને કહે જે ગયો તું ઘરમાં તો તારા પગ ભાંગી નાખું. (૪) દધિચી ઋષિ. (૫) સ.ગુ. નિર્વિકારાનંદ સ્વામી. (૬) દિનાનાથ ભટ્ટ. (૭) સ.ગુ. કૃષ્ણાનંદ સ્વામી

૧. સ.ગુ.શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (જમીયતપુરા)
૨. શ્રીનરનારાયણદેવ યુવક મંડળ (ઝૂલાસણ)
૩. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ (માંડલ)
૪. જેતલપુર હવેલી મહિલા મંડળ (જેતલપુર)
૫. ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૬. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૭. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૮. શ્રી સ્વામિનારાયણ મંદિર (હર્ષદ-બાપુનગર)
૯. સાં. ભારતીબા, મંજુબા (કાલુપુર હવેલી)
૧૦. ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડીયા)
૧૧. ભાવસાર વીણાબેન આર. (અમદાવાદ)
૧૨. ગવૈયા સાધુ ચંદ્રપ્રકાશદાસ (માણસા)
૧૩. ડૉ. પી.એમ. પટેલ (માણસા)
૧૪. સાં. શિતલબા, સાં. શિલ્પાબા (હવેલી)
૧૫. પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાણીપ)
૧૬. સાં. રંજનબા તથા નાનીબેન (વિરાટનગર)
૧૭. ભોરણીયા નથુભાઈ ભગવાનજી (ધૂંટુ)
૧૮. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૧૯. ભાવસાર કપિલાબેન નટવરલાલ (લાંઘણજ)
૨૦. ભાવસાર સુમિત્રાબેન નરેશભાઈ (વિરાનગર)
૨૧. પરમાર ભાનુબેન ભગવાનજીભાઈ (બોડકા)
૨૨. આદ્રોજા માધવજીભાઈ હરખજીભાઈ (મોરબી)
૨૩. કા. પટેલ અલકાબેન દિનેશચંદ્ર (લુણાવાડા)
૨૪. કા. પટેલ નિરવ - દિવ્યેશ (લુણાવાડા)
૨૫. પટેલ વનીતાબેન માધાભાઈ (મારુસણા)
૨૬. સોની મીનાબેન મહેન્દ્રભાઈ (નરોડા)
૨૭. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૨૮. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૨૯. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૩૦. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૩૧. સાં. કોકીલાબેન (સોજા)
૩૨. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૩૩. પટેલ ગોરધનભાઈ શંકરદાસ (સોજા)
૩૪. ઘર સભાના બહેનો (લુણાવાડા)
૩૫. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૩૬. પટેલ સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૩૭. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૩૮. પટેલ કૈલાશબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૩૯. પટેલ વિનોદ પી. (વહેલાલવાળા)
૪૦. સાં. કોકીલાબેન, ઉષાબા (સુરેન્દ્રનગર)
૪૧. પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૪૨. પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (રાણીપ)
૪૩. પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૪૪. વસંતીબા અને શકરીબેન (લાંઘણજ)
૪૫. ભાવસાર પલ્લવીબેન વિજયકુમાર (લાંઘણજ)
૪૬. રૂપલબેન - બિંદીયાબેન (લુણાવાડા)
૪૭. શ્રધ્ધાબેન પૂજાબેન, વિશ્વાસભાઈ, કૌશિકકુમાર (લુણાવાડા)
૪૮. ટાંક જ્યોત્સનાબેન અરવિંદભાઈ (હિંમતનગર)
૪૯. પટેલ જાહન્વી (લુણાવાડા)
૫૦. પટેલ દિપીકા હિતેન્દ્રકુમાર (લુણાવાડા)
૫૧. કા. વાસુદેવ હરિપ્રસાદ (લુણાવાડા)
૫૨. પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૫૩. દબાસીયા દેવીબેન એચ. (મીરજાપર-કચ્છ)
૫૪. પટેલ કોકિલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૫૫. સોની વર્ષાબેન અરવિંદભાઈ (અમદાવાદ)
૫૬. ખંધડીયા જાગૃતિ રમેશભાઈ (મોરબી)
૫૭. શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું-મોરબી)
૫૮. માસ્તર જયંતીલાલ શિવજીભાઈ (રાપર-કચ્છ)
૫૯. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ (બાલવા)
૬૦. અડાલજા તૃપ્તિબેન કંચનબેન (રતનપર)
૬૧. પટેલ પલાસ શશીકાંતભાઈ (ગોધરા)
૬૨. રાવલ કનુભાઈ ગિરજાશંકર (સ્વા. માસિક)

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ ખાતે ફૂલદોલોત્સવ ઉજવાયો**

પરમકૃપાળુ પરમાત્મા શ્રી નરનારાયણદેવ ભગવાનનો પ્રાકટ્યોત્સવ ફાગણ સુદ-૧૫ ફુલદોલોત્સવ રૂપે અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે વિધિવત રીતે ધામધૂમથી ઉજવવામાં આવે છે. આ પ્રસંગના દર્શન એ ભાગ્યવાનને જ પ્રાપ્ત થાય. શ્રીજી મહારાજ ગામોગામ આવા ઉત્સવો કરતા અને હજારો મનુષ્યો દર્શનનો લાભ લઈ જીવન કૃતાર્થ કરતા હતા. તેમનાજ વંશજ અપર સ્વરૂપ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી શ્રી નરનારાયણદેવ સમક્ષ રંગોત્સવે રમીને ભક્તજનોને ખૂબજ આનંદ કરાવે છે. આ વખતે સભા મંડપમાં મધ્ય પગથીયા પાસે સુંદર મંચ ઉપર પ.પૂ. લાલજી મહારાજશ્રી રંગે રમવા પધાર્યા ત્યારે હજારો નરનારીઓ રંગથી તરબોળ થવા થનગની રહ્યા હતા. અદ્‌ભુત ઉત્સવ થયો. દર્શન કરનારાના ભાગ્યનો કોઈ પાર ન રહ્યો. અલૌકિક ઉત્સવ છવાઈ ગયો. પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી પ.ભ. ઘનશ્યામભાઈ કરશનભાઈ પટેલે (ધરમપુરવાળા) યજમાન બની મહા લાભ લીધો. કોઠારી પાર્ષદ દિગંબર ભગત અને જે.કે. સ્વામી આદિ સંત મંડળે સુંદર આયોજન કર્યું હતું. (શા. નારાયણમુનિદાસ)

**શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ**

ભાવિ આચાર્ય પ.પૂ. શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ શિક્ષણ વિભાગ દ્વારા લેવાયેલ પરીક્ષાનું પરિણામ.

કુલ કેન્દ્ર ૪૦, પરીક્ષાર્થી કુલ ૨૩૬૦ (૧) બાળ વિભાગ-૧ કુલ ૯૧૦, પાસ ૮૯૫, નાપાસ ૧૫ (૨) કિશોર ભાગ-૨ કુલ ૧૪૫૦, પાસ ૧૪૩૭, નાપાસ ૧૩.

બાળ સત્સંગ ભાગ-૧ (૧) વાલીયા પિયુષ વશરામભાઈ ૧૦૦%, અસારવા ગુરુકુળ. (૨) પટેલ જીલનબેન હસમુખભાઈ ૧૦૦%, આનંદપુરા. (૩) પટેલ મિતલબેન રાકેશભાઈ ૧૦૦%, આનંદપુરા. (૪) ડાભી મેઘનાબેન વિનોદભાઈ ૧૦૦%, ડાંગરવા. (૫) પટેલ પ્રિયંકાબેન પંકજભાઈ ૧૦૦%, બાલવા. (૬) પટેલ સાયોના ભરતભાઈ ૧૦૦%, બાલવા. (૭) પટેલ હેપીબેન વિષ્ણુભાઈ ૧૦૦%, બાલવા (૮)ફીણવીયા હર્ષલ કિશોરભાઈ ૯૮%, કર્મશક્તિ (૯) કોટડીયા પ્રિયાંક રમેશભાઈ ૯૬%, કર્મશક્તિ. (૧૦) સુહાગીયા કિશન રામજીભાઈ ૯૬%, હર્ષદ મંદિર. (૧૧) ભાલાણી ક્રિષ્ણા ચંદ્રેશભાઈ ૯૯%, હર્ષદ મંદિર. (૧૨) પટેલ મુસ્કાન ભરતભાઈ ૯૮%, હર્ષદ મંદિર. (૧૩) શિયાણી અભિષેક સુરેશભાઈ ૯૬%, હર્ષદ મંદિર. (૧૪) ગંગાગળીયા શરદભાઈ દિનેશભાઈ ૯૫%, કોટેશ્વર ગુરુકુળ. (૧૫) દેસાઈ મનન જયંતીભાઈ ૯૫%, %, કોટેશ્વર ગુરુકુળ. (૧૬) પટેલ અક્ષયકુમાર દશરથભાઈ ૯૫%, કોટેશ્વર ગુરુકુળ.

કિશોર સત્સંગ ભાગ-૨ (૧) કલસરીયા ઋત્વિક જાદવભાઈ ૧૦૦%, અસારવા ગુરુકુળ. (૨) રામાણી દર્શન ઘનશ્યામભાઈ ૧૦૦%, અસારવા ગુરુકુળ. (૩) પટેલ ચિરાગ શંભુભાઈ ૧૦૦%, અસારવા ગુરુકુળ. (૪) કાતરીયા ચેતન મનુભાઈ૧૦૦%, અસારવા ગુરુકુળ. (૫) ગાંગાણી મૌલિક ઘનશ્યામભાઈ૧૦૦%, અસારવા ગુરુકુળ. (૬) પટેલ દિવ્યેશ અરવિંદભાઈ૧૦૦%, અસારવા ગુરુકુળ. (૭) પટેલ પૂનમબેન સુરેશભાઈ૧૦૦%, મારૂસણા. (૮) પટેલ મિન્ટુબેન નટવરલાલ ૧૦૦%, બાલવા. (૯) પટેલ લતાબેન દિલીપભાઈ ૧૦૦%, બાલવા. (૧૦) પટેલ સોનલબેન મુકેશભાઈ ૧૦૦%, બાલવા. (૧૧) ખોખર યશ વિઠ્ઠલભાઈ ૯૬%, હર્ષદ મંદિર. (૧૨) પાઘડાળ દર્શન શાંતિલાલ ૯૫%, હર્ષદ મંદિર. (૧૩) ગોટી હાર્દિક જગદીશભાઈ ૯૫%, હર્ષદ મંદિર. (૧૪) પટેલ શુભ પ્રહલાદભાઈ ૯૫%, કર્મ શક્તિ. (૧૫) વેકરીયા કૌશલ ડાહ્યાભાઈ ૯૫%, કર્મ શક્તિ. (૧૬) સોજીત્રા પાર્થ વિજયભાઈ ૯૫%, કોટેશ્વર ગુરુકુળ. (૧૭) ભરપાળ આકાશ સતીષભાઈ ૯૫%, કોટેશ્વર ગુરુકુળ. (૧૮) ભરપાળ મેહુલ સતીષભાઈ ૯૫%, કોટેશ્વર ગુરુકુળ.

(સંચાલક દેવાણી રણછોડભાઈ)

**જેતલપુરધામમાં શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો ૧૮૬ મો પાટોત્સવ ઉજવાયો**

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને જેતલપુર ધામમાં સ્વહસ્તે શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા કરી ત્યારથી જેતલપુરની ચડતીને ચડતી છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુર મંદિરના મહંત સ.ગુ.પૂ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. શા.પી.પી. સ્વામીની પ્રેરણાથી અ.નિ. પ.ભ. ખોડાભાઈ મણીભાઈ પટેલ હ. અશોકભાઈ, કલ્પેશભાઈ અને પરસોતમભાઈ ધરમશીભાઈ પટેલ (કાશીન્દ્રા) પરિવારના યજમાન પદે પાટોત્સવ વિધિવત રીતે સંપન્ન થયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૪ થી ૧૫-૩-૧૨ દરમ્યાન હોમાત્મક હરિયાગનું આયોજન કર્યું હતું.

ફાગણ વદ-૮ ના પ્રાતઃ ૭-૦૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક વેદ વિધિસર સંપન્ન થયો.

સભામાં સ.ગુ.શા.સ્વા. હરિૐપ્રકાશદાસજી (નારણપુરા મહંતશ્રી) એ જેતલપુર માહાત્મ્યની સુંદર કથા કરી હતી. પ.પૂ. મોટા મહારાજશ્રી સભામાં વિરાજમાન થયા ત્યારે યજમાન પરિવારે પૂજન-અર્ચન આરતી ઉતારી ભેટ ધરીને આશીર્વાદ મેળવ્યા હતા.

''સ.ગુ. પ્રસાદાનંદ સ્વામીની વાતો'' પુસ્તકની બીજી આવૃત્તિનું વિમોચન સ.ગુ. શ્યામ સ્વામી, શા. ઉત્તમ સ્વામી અને પ્રકાશનમાં સેવા કરનાર પ.ભ. પરસોતમભાઈ ધારશીભાઈ ઠક્કર (વિરમગામ) પરિવાર તરફથી પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે પુસ્તકનું વિમોચન થયું હતું. તથા નૂતન હવેલી (બહેનોની) નિર્માણમાં સેવા કરનાર દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ધામો ધામના સંતો મહંતો પધાર્યા હતા. જેમાં જેતલપુરધામના મહંત સ્વામી, ધોળકા, છૈપયાધામ, મૂળી, મહેસાણા, જયપુર, લીંબડી, કાલુપુર અમદાવાદ, ચરાડવા અને જમીયતપુરા આદિ ધામોથી સંતો પધાર્યા હતા. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ પ.પૂ. મોટા મહારાજશ્રી યજ્ઞની પૂર્ણાહુતિ કરીને અન્નકૂટ આરતી ઉતારવા પધાર્યા હતા. સમગ્ર પ્રસંગમાં મહંતશ્રી કે.પી. સ્વામી અને વી.પી. સ્વામીએ સુંદર આયોજન કર્યું હતું. સંચાલન શા. ભક્તિનંદનદાસે શોભાવ્યું હતું.

(શા. ભક્તિનંદનદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા (રામબાગ) પાટોત્સવ-શહેર ચોર્યાસી ઉજવાયા**

શ્રીહરિએ જ્યાં શહેર ચોર્યાસી કરીને કાંકરિયાને પુણ્ય પાવનકારી ભૂમિ બનાવી છે. જ્યાં આપણા ભવ્ય મંદિરમાં શ્રી રાધાકૃષ્ણ દેવ હરિકૃષ્ણ મહારાજ બિરાજમાન છે. સર્વોપરિ શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રેના મહંત શા.સ્વા. ગુરુપ્રસાદદાસજી તથા સ.ગુ.શા.સ્વા. આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી તા. ૨૧-૨-૧૨ થી તા. ૨૭-૨-૧૨ પર્યન્ત ભવ્ય ચોર્યાસી મહોત્સવ તથા અ.નિ. સ.ગુ. શા.સ્વા. હરિગોવિંદદાસજીની સ્મૃતિમાં તથા વયોવૃધ્ધ સંત સ.ગુ.શા.સ્વા. માધવપ્રસાદદાસજી સ્વામીના ૯૮ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે શ્રીમદ્ સત્સંગિભૂષણ સપ્તાહ પારાયણનું સુંદર આયોજન સ.ગુ.શા. સ્વામી નિર્ગુણદાસજી (અસારવા) તથા સ.ગુ. શા.સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)ના વક્તાપદે થયું હતું. પ્રથમ દિને ભવ્ય પોથીયાત્રા મંદિરથી કથા સ્થળ બળવંતરાય હૉલ ધામધૂમથી પહોંચી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ મંદિરે સૌ પ્રથમ પધારીને ''શ્રી વ્રજેન્દ્ર ભુવન''નું ઉદ્‌ઘાટન કરી ને કથા સ્થળે સભામાં પધાર્યા હતા. જ્યાં તેઓશ્રીના વરદ્ હસ્તે કથાની પ્રારંભ આરતી થઈ હતી.

આ પ્રસંગે ''કાંકરિયા માહાત્મ્ય'' પુસ્તિકાનું વિમોચન પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થયું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

બહેનોની સભામાં પ.પૂ. અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને દર્શન આશીર્વાદનું સુખ આપ્યું હતું. કથામાં પ્રથમ સત્રમાં શ્રી ઘનશ્યામ મહારાજનો પ્રાકટ્યોત્સવ ઉજવાયો હતો. તા. ૨૫-૨-૧૨ ના રોજ મહાપૂજા થઈ હતી. જેની પૂર્ણાહુતિ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. ત્યારબાદ પ.પૂ. મોટા મહારાજશ્રી સભામાં પધાર્યા હતા. અને યજમાન પરિવાર આદિનું સન્માન કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૨૭-૨-૧૨ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો મહાભિષેક વેદવિધિસર સંપન્ન થયો. ત્યારબાદ કથાની પૂર્ણાહુતિ થઈ હતી. પધારેલા સંતોએ અમૃતવાણીનો લાભ આપેલ.

આ પ્રસંગમાં શ્રી અખિલેશ્વરદાસજી મહારાજ, જગન્નાથજી મંદિરના મહંતશ્રી, શ્રી આત્માનંદ સરસ્વતીજી (બોટાદ), શ્રી ચૈતન્ય શંભુ મહારાજ, શ્રી પ્રવિણભાઈ તોગડીયા, તેમજ ધામોધામના સંતો, મહંતો અને સાંખ્યયોગી બહેનો આદિ પધાર્યા હતા. પૂજારી સ્વામી દેવકૃષ્ણદાસજીએ ઠાકોરજીને સુંદર શૃંગાર કરીને દર્શન કરાવ્યા હતા. પૂર્ણાહુતિ પ્રસંગે મહંત સ્વામીએ આભાર વિધિ કરી હતી. આ પ્રસંગમાં સ.ગુ. સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજી, શા. ગોલોકવિહારીદાસજી, શા. સત્યપ્રકાશદાસજી, કૂંજવિહારી સ્વામી, ભાનુ સ્વામી, ભક્તિપ્રસાદ સ્વામી અને નરોત્તમ ભગતે સમગ્ર પ્રસંગમાં સુંદર સેવા બજાવી હતી. પારાયણ પ્રસંગે ૨૧ સહિંતાપાઠી સંતોએ સહિંતાનું વાંચન કર્યું હતું. ચોર્યાસી પ્રસંગમાં જેતલપુર અક્ષર મહોલ વાડીના વિદ્યાર્થી સંતો અને અનેક ભૂદેવોએ પ્રસાદ લીધો હતો. અનેક ગામોના ભક્તજનોએ સાત દિવસ સુધી કથા શ્રવણ કરી પ્રસાદ ગ્રહણ કરેલ.

સાબરમતીના હરિભક્તો પારાયણના યજમાન પદે રહ્યા હતા. પાટોત્સવના યજમાન શ્રી વિનોદભાઈ વાલજીભાઈ સોની (કેનીયા) અને કષ્ટભંજનદેવ પાટોત્સવના યજમાન શ્રી ઘનશ્યામભાઈ પારેખ (ગામડી) રહ્યાં હતા.

કાંકરિયા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, કુહાગામ, અત્રેનું મહિલા મંડળ અને કાંકરિયાના તમામ ભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમ પણ થયા હતા. સભા સંચાલન શા. યજ્ઞપ્રકાશદાસે કર્યું હતું. (શા. યજ્ઞપ્રકાશદાસ)

**એપ્રોચ (બાપુનગર) મંદિરનો ૭ મો પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એવં સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રેના મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી તા. ૧-૩-૧૨ ના રોજ મંદિરનો ૭ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

શ્રી ઘનશ્યામ મહારાજનો મહાભિષેક અને અન્નકૂટ આરતી પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયા હતા. આ પ્રસંગે અમદાવાદ, કાંકરિયા, હરિદ્વાર, બદ્રિનાથ, પ્રાંતિજ આદિ મંદિરના સંતો પધાર્યા હતા.

સભામાં મહંત સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ.શા. સ્વામી નિર્ગુણદાસજી, શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજી તથા શા. હરિપ્રકાશદાસજી આદિ સંતોએ પ્રવચન કરેલ. છેલ્લે ઘણા વર્ષોથી કોઠારી તરીકે સેવા કરતા પ.ભ. ધીરૂભાઈ સોરઠીયાએ સ્વૈચ્છિક નિવૃત્તિ લેતા પ.પૂ. મહારાજશ્રીએ તેઓશ્રીનું તથા નવા કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા સહાયક કોઠારી યુવક મંડળના સક્રિય કાર્યકર શ્રી રમેશભાઈ ખિચડીયાનું શાલ ઓઢાડી સન્માન કરી રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. સભાના અંતે પ.પૂ. મહારાજશ્રીએ પાટોત્સવના યજમાન પ.ભ. કાળુભાઈ ગોવિંદભાઈ ગજેરા પરિવાર અને સમસ્ત હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા. સભા સંચાલન શા.સ્વા. સત્યપ્રકાશદાસજીએ કર્યું હતું.

બહેનોને આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરુપ ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા. છેલ્લે મહા પ્રસાદ લઈ સૌ વિદાય થયા હતા. યુવક મંડળે ખડે પગે સેવા બજાવી હતી.

(ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપ પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. પી.પી. સ્વામી (નારણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી તા. ૩-૩-૧૨ ના રોજ રાણીપ શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ ઉજવાયો.

સૌ પ્રથમ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ મંદિરમાં ઠાકોરજીનો અભિષેક કરી આરતી ઉતારીને યજ્ઞની પૂર્ણાહુતિ કરી હતી. ત્યારબાદ નૂતન સભા ખંડનું ઉદ્‌ઘાટન કર્યું હતું. સભામાં સ.ગુ.શા સ્વામી રામકૃષ્ણદાસજી તથા સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ હરિભક્તોને કથા વાર્તાનો લાભ આપ્યો હતો. અમદાવાદ થી પધારેલા પૂ. મહંત સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, શા. અભયપ્રકાશદાસજી, દિવ્યપ્રકાશદાસ અને મુનિ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ બન્ને મંદિરમાં પૂ. મહારાજશ્રી અન્નકૂટ આરતી ઉતારવા પધાર્યા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી.

(શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડીયાનો ૫ મો પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એવમ્ સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડીયાનો ૫ મો

પાટોત્સવ તા. ૩-૩-૧૨ ને શનિવારે વિધિવત રીતે ઉજવાયો હતો. સવારે ૬ થી ૭ દરમ્યાન શ્રીહરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર અભિષેક સંતો દ્વારા વિધિવત રીતે સંપન્ન થયો હતો. સવારે ૮ કલાકે પ.પૂ. મહારાજશ્રી પધાર્યા ત્યારે સંતો અને હરિભક્તોએ ભવ્ય સ્વાગત સામૈયુ કર્યું હતું. મંદિરમાં પધારીને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી હતી.

પ્રાસંગિક સભામાં પાટોત્સવના યજમાન અ.નિ. પ.ભ. કાંતિલાલ જોઈતારામ ભાવસાર પરિવારના શ્રી દિનેશભાઈ તથા શ્રી વિનોદભાઈએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે સભા સંચાલન સ.ગુ.શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી) એ સુંદર રીતે સંભાળ્યું હતું.

ઘાટલોડીયા મંદિરના ટ્રસ્ટીઓ અને આગેવાન હરિભક્તોએ પ.પૂ. મહારાજશ્રીનું ફુલહારથી સ્વાગત કર્યું હતું.

ધામોધામના સંતો પૈકી સ.ગુ. મહંત સ્વામી હરિકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (નારણઘાટ) રઘુવીર સ્વામી, કૃષ્ણપ્રસાદ સ્વામી, ભક્તિ સ્વામી, જગદીશ સ્વામી અને અભય સ્વામી આદિ સંતો પધાર્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. દરેક ભક્તજનો દર્શન કરી પ્રસાદ લઈ વિદાય થયા હતા. (પ્રવિણભાઈ પટેલ)

**કોઠંબા મંદિરનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા અત્રે મંદિરના મહંત સ.ગુ. માધવ સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૭ મો પાટોત્સવ જેતલપુરધામના સ.ગુ. શ્યામ સ્વામી, શા. ઉત્તમ સ્વામી અને શા. ભક્તિનંદનદાસજી આદિ સંતોની નિશ્રામાં તા. ૨૦-૩-૧૨ ના રોજ ધામધૂમથી ઉજવાયો. જેના યજમાન પદનો લાભ કોઠારી ગોવિંદભાઈ રસિકલાલ કાછીયા પરિવારે લીધો હતો. પ્રથમ ઠાકોરજીનો અભિષેક અને ત્યારબાદ શોભાયાત્રા કાઢવામાં આવી હતી. યજમાન પરિવારે સંતોનું પૂજન કર્યું હતું. બપોરે ૨ થી ૫ દરમ્યાન પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના સાંનિધ્યમાં બહેનોની સત્સંગ શિબિર ધામધૂમથી થઈ હતી. જેમાં જેતલપુર આદિ ધામોથી સાંખ્યયોગી બાઈઓએ કથાનો લાભ આપ્યો હતો. છેલ્લે સૌ ભક્તોએ દર્શન કરી પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. (શ્રી ન.ના.દેવ યુવક મંડળ તથા શા. ભક્તિનંદનદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલી (જી. ખેડા) રજત જયંતી મહોત્સવ**

મહાપ્રતાપી શ્રી રેવતીજી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનું છત્રછાયાનું કલોલી મંદિરને ૨૫ વર્ષ પૂર્ણ થતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એવમ્ સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુરધામના સ.ગુ. મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી રજત જયંતી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૮-૩-૧૨ થી તા. ૧૦-૩-૧૨ પર્યન્ત શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ત્રિદિનાત્મક પારાયણ સ.ગુ.શા.સ્વા. હરિૐપ્રકાશદાસજી તથા સ.ગુ.શા. વિશ્વપ્રકાશદાસજી અને શા. ભક્તિનંદનદાસજીએ કથા શ્રવણ કરાવ્યું હતું. સાથે સાથે ત્રિદિનાત્મક મહાવિષ્ણુયાગ પણ કરવામાં આવેલ. જેમાં વિવિધ યજમાનોએ લાભ લીધો હતો.

તા. ૧૦-૩-૧૨ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે સંત-હરિભક્તોએ ખૂબજ ભવ્ય સ્વાગત સામૈયુ કર્યું હતું. પ.પૂ. મહારાજશ્રીએ સૌ પ્રથમ ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક કરી યજ્ઞની પૂર્ણાહુતિ કરીને અન્નકૂટ આરતી ઉતારી હતી. ત્યારબાદ સભામાં પધાર્યા હતા. જ્યાં કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. ત્યારબાદ યજમાન પરિવારોએ પ.પૂ. મહારાજશ્રીનુ પૂજન-અર્ચન કરી આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. વિવિધ સેવાના યજમાનોનું પ.પૂ. મહારાજશ્રીએ સન્માન કર્યું હતું. ધામોધામથી પધારેલા સંતો જેતલપુર, છપૈયાધામ, મૂળી, ચરાડવા, મથુરા, નારણપુરા, કાંકરિયા, કાલુપુર, મહેસાણા અને ખેડાના સંતોએ અમૃત વાણીનો લાભ આપ્યો હતો. પૂ. આત્મપ્રકાશ સ્વામીએ મંદિર નાનું હોવાથી મોટું કરવા ખાસ ભારપૂર્વક કહ્યું હતું. મંદિર માટે પોતાનું ઘર અર્પણ કરનાર પ.ભ. રણછોડભાઈ ગણાત્રા અને અ.નિ. પોપટભાઈ લાલજીભાઈ ઠક્કરે પણ નૂતન મંદિર માટે પાંચ લાખ થી પણ વધુ સેવા કરી હતી. તે સૌની સેવાને બિરદાવવામાં આવી હતી. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ નિયમ, નિષ્ઠા અને પક્ષ રાખવા ઉપર વાત કરીને રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. સૌ પ્રસાદ ગ્રહણ કરી ધન્ય બન્યા હતા. સ્વયં સેવકોએ ખડેપગે સેવા કરી હતી. શા.સ્વા. ભક્તિનંદનદાસજીએ સમગ્ર પ્રસંગનું આયોજન કર્યું હતું. (મહંત કે.પી. સ્વામી, જેતલપુર)

**છપૈયાધામમાં સત્સંગિજીવન પંચાન્હ પારાયણ**

સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રાગટ્ય ભૂમિ છપૈયા ધામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એવમ્ સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા છપૈયા મહંત સ્વામીની પ્રેરણાથી તા. ૨૮-૨-૧૨ થી તા. ૩-૩-૧૨ પર્યન્ત પંચ દિનાત્મક શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ સ.ગુ. શા.સ્વા. ભક્તિનંદનદાસજી (જેતલપુરધામ)ના વક્તાપદે સુરતના હરિભક્તોના યજમાનપદે થઈ હતી. છપૈયાધામના અને મહેમાન હરિભક્તોએ કથા શ્રવણ કરી ખૂબ જ ધન્ય બન્યા હતા. પ.ભ. હરિકૃષ્ણભાઈ અને તેમના મંડળના હરિભક્તો કથામાં ખાસ લાભ લેવા પધાર્યા હતા.

આ પ્રસંગે જેતલપુર ધામથી પૂ. પી.પી. સ્વામી ખાસ પધારીને યજમાન હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા. તા. ૫-૩-૧૨ થી તા. ૭-૨-૧૨ પર્યન્ત મહાવિષ્ણુયાગ સુરતના હરિભક્તો તરફથી થયો હતો. તા.૭-૩-૧૨ના રોજ અત્રે મંદિરમાં વિરાજમાન દેવોને ષોડશોપચાર મહા અભિષેક અને અન્નકૂટ દર્શન હરિભક્તોને કરાવવામાં આવ્યા હતા. શ્રી ઘનશ્યામ મહારાજના જન્મસ્થાનમાં સુરતના હરિભક્તોએ પોતાનું યોગદાન આપ્યું હતું. સેવા આપી હતી. આ પ્રસંગે છપૈયાના સંત મંડળે હરિભક્તોની સુંદર સેવા કરી રાજી કર્યા હતા. સમગ્ર આયોજન બ્ર.શા. હરિસ્વરૂપાનંદજી તથા બ્ર. પવિત્રાનંદે કર્યું હતું. (કનુભાઈ અને અંબાલાલ દવે છપૈયાધામ)

**ગાંધીનગરમાં શ્રી ભક્તચિંતામણી પંચાન્હ પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજીની પ્રેરણાથી ગાંધીનગર ખાતે પ.ભ. પટેલ રાવજીભાઈ ઈશ્વરભાઈ પરિવાર તરફથી શ્રીમદ્ ભક્ત ચિંતામણી ગ્રંથની પંચાન્હ પારાયણ સ.ગુ.શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા મહંત)ના વક્તાપદે થઈ હતી.

આ પ્રસંગે યજમાન પરિવારના આમંત્રણને માન આપી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને યજમાન પરિવારને રૂડા આશીર્વાદ આપી રાજી થયા હતા. બહેનોના આમંત્રણને સ્વીકારી, પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને બહેનોને દર્શન આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા.

ધામોધામના સંતોમાં જેતલપુરથી પૂ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, અયોધ્યાથી દેવ સ્વામી, માધવ સ્વામી,

